RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 215* Date: 26.05.2023, Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-


ધોરણ ૧૦ બોર્ડનું પરિણામ જાહેર થયું

## ધો.૧૦નું કુલ ૬૪.૬૨ ટકા પરિણામ જાહેર : ગત વર્ષ કરતાં આ વર્ષે અડધો ટકા ઓછું પરીણામ જાહેર થયું છે

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૫

ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષા આપનારા લાખો વિદ્યાર્થીઓની આતુરતાનો આજે અંત આવી ગયોં છે. ધોરણ ૧૦ બોર્ડનું પરિણામ જાહેર થઈ ગયું છે. બોર્ડની વેબસાઈટ પર જાહેર પરિણામ જાહેર થયુ છે. આ વર્ષનું કુલ ૬૪.૬૨ ટકા પરિણામ જાહેર થયું છે. અંદાજે ૯.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા આપી હતી. ગત વર્ષ કરતાં આ વર્ષે અડધો ટકા ઓછું પરીણામ જાહેર થયું છે.સૌથી વધુ પરિણામ ધરાવતુ કેન્દ્ર - કુંભારિયા બનાસકાંઠા ૯૫.૯૨ ટકા રહ્યું છે જયારે સૌથી ઓછું પરિણામ ધરાવતુ કેન્દ્ર - ઉતાવળી, નર્મદા જિલ્લો ૧૧.૯૪ ટકા રહ્યું છે જયારે વધુ પરિણામ ધરાવતો જિલ્લો -સુરત ૭૬.૪૫ ટકા,ઓછુ પરિણામ ધરાવતો જિલ્લો - દાહોદ ૪૦.૭૫ ટકા,૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓ - ૨૭૨, ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળા - ૧૦૮૪,૦ ટકા પરિણામ ધરાવતી શાળા - ૧૫૭, ૭૧૧ ગેરરીરીતિના કેસ નોંધાયા છે.ગુજરાતમાં ધોરણ ૧૦ના આજે જાહેર થયેલા પરિણામમાં વિષયવાર સામે આવેલા પરિણામ પર નજર કરીએ તો જણાશે કે અંગ્રેજી વિષયનું પરિણામ સૌથી વધુ ૯૫.૦૬ ટકા આવ્યું છે જ્યારે વિજ્ઞાન વિષયનું પરિણામ સૌથી ઓછી ૬૭.૭૨ ટકા આવ્યું છે. આ ઉપરાંત વિષયવાર પરિણામની ટકાવારી પર નજર કરીએ તો ગુજરાતી ૮૪.૬૦ ટકા , હિન્દી ૮૯.૭૮ ટકા, અંગ્રેજી ૯૫.૦૬ ટકા, સામાજિક વિજ્ઞાન ૮૬.૭૭ ટકા, વિજ્ઞાન ૬૭.૭૨ ટકા ગણિત ૯૪.૯૯ ટકા, ગુજરાતી એસએલ ૮૯.૭૩ ટકા, હિન્દી એસએલ ૮૭.૩૪ ટકા ,અંગ્રેજી એસએલ ૮૫.૨૧ ટકા, સંસ્કૃત જીન ૯૦.૮૯ ટકા ,મૂળભૂત ગણિત ૭૦.૪૯ ટકા પરિણામ નોંધાયું છે.

આ વખતે વિદ્યાર્થિનીઓને બાજી મારી છે. વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થિનીઓનું પરિણામ ૧૧ ટકા ઊંચું છે. ધોરણ ૧૦ના પરિણામમાં છોકરીઓએ છોકરાઓને પાછળ છોડી દીધા છે. છોકરીઓનું પરિણામ ૭૦.૬૨ ટકા છે, જ્યારે છોકરાઓનું ૫૯.૫૮ ટકા પરિણામ જાહેર થયુ છે.

આ વર્ષે કુલ ૩૯૯૨૬૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૨૩૭૮૬૫ વિદ્યાર્થીઓ પાસ થયા છે. તો ૩૩૫૬૩૦ વિદ્યાર્થિનીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૨૩૭૦૨૮ વિદ્યાર્થિની પાસ થઇ છે. એટલે કે વિદ્યાર્થીઓનું ૫૯.૫૮% અને વિદ્યાર્થિનીઓનું ૭૦.૬૨% પરિણામ જાહેર થયુ છે.

રિપીટર પરીક્ષાર્થીની વાત કરીઓ તો ૧૦૭૪૧૫ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૧૬૨૮૩ વિદ્યાર્થી પાસ થયા છે. તો ૫૧૨૦૮ વિદ્યાર્થિનીએ રિપીટર તરીકે પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૧૧૬૩ વિદ્યાર્થિની પાસ થાય છે. વિદ્યાર્થીઓનું ૧૫.૧૬% વિદ્યાર્થિનીઓનું ૨૧.૮૦% પરિણામ જાહેર થયુ છે. આ પરીક્ષા સમગ્ર રાજયમાં ૯૫૮ કેન્દ્ર પર લેવામાં આવી હતી. ગુજરાતના ૩૩ જિલ્લા પૈકી સૌથી વધુ સુરત જિલ્લામાં ૭૬.૪૫ ટકા પરિણામ જાહેર થયુ છે. જ્યારે સૌથી ઓછુ ૪૦.૭૫ ટકા પરિણામ દાહોદ જિલ્લામાં આવ્યુ છે. ગુજરાતની ૨૭૨૪ શાળાનું પરિણામ ૧૦૦ ટકાથી વધુ જાહેર થયુ છે. ઝીરો ટકા પરિણામ ધરાવતી ૧૫૭ શાળા છે. તો ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળા ૧૦૮૪ છે. અમદાવાદ શહેરમાં ૮, અમદાવાદ ગ્રામ્યમાં ૩, અમરેલી ૪, આણંદ ૫, અરવલ્લી (મોડાસા) ૧, બનાસકાંઠા ૫, ભરૂચ ૩, ભાવનગર ૪, બોટાદ ૩, છોટા ઉદેપુર ૦, દાહોદ ૨૨, ડાંગ ૧, દેવભૂમિ દ્વારકા ૧,ગાંધીનગર ૪, ગીરસોમનાથ (વેરાવળ) ૭, જામનગર ૫, જૂનાગઢ ૯, ખેડા ૪, કચ્છ ૮, મહીસાગર (લુણાવાડા) ૫, મહેસાણા ૪, મોરબી ૨, નર્મદા ૦, નવસારી ૨, પંચમહાલ ૬, પાટણ ૩, પોરબંદર ૨, રાજકોટ ૧૩, સાબરકાંઠા ૫, સુરત ૬, સુરેન્દ્રનગર ૩, તાપી ૨, વડોદરા ૧, વલસાડ ૫, દાદરા નગર હવેલી ૧ છે. સુરતનું ૭૬.૪૫% ,મોરબીનું ૭૫.૪૩%, બોટાદનું ૭૩.૩૯% , રાજકોટનું ૭૨.૭૪%, ભાવનગરનું ૬૯.૭૦%, જામનગરનું ૬૯.૬૫%, સુરેન્દ્રનગરનું ૬૯.૪૨%, કચ્છનું ૬૮.૭૧ %, ગાંધીનગરનું ૬૮.૨૫%, દેવભૂમિ દ્વારકાનું ૬૭.૨૯%, ડાંગનું (આહવા) ૬૬.૯૨% પરિણામ આવ્યુ છે.ધોરણ ૧૦ના પરિણામમાં માધ્યમ મુજબ સામે આવેલા પરિણામ પર નજર કરીએ તો જણાશે કે જેમાં સૌથી વધારે પરિણામ સિંધી માધ્યમનું ૧૦૦ ટકા આવેલ છે. જેમાં પાંચ પરીક્ષાર્થીએ પરીક્ષા આપી હતી અને પાંચેય પરીક્ષાર્થીઓ પાસ થયા છે. જ્યારે માધ્યમ મુજબ સૌથી ઓછું પરિણામ ગુજરાતીમાં ૬૨.૧૧ ટકા આવ્યું છે. જેમાં ૬૨૫૨૮૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૩,૮૮,૩૭૪ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા હતા. જ્યારે તેની બાદ હિન્દી માધ્યમમાં ૬૪. ૬૬ ટકા વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. જેમાં ૧૬૩૦૦ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૧૦૫૩૯ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. જ્યારે મરાઠી માધ્યમનું પરિણામ ૭૦. ૯૫ ટકા આવ્યું છે. જ્યારે ઈંગ્લિશ માધ્યમનું પરિણામ ૮૧. ૯૦ ટકા આવ્યું છે . જેમાં ૮૯૦૬૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૭૨૮૬૦ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા હતા. જ્યારે ઉર્દૂ માધ્યમનું પરિણામ ૬૯. ૧૦ ટકા આવ્યું છે. તેમજ ઓરિયા માધ્યમનું પરિણામ ૯૦.૭૭ ટકા આવ્યું છે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા સમયપત્રક મુજબ ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા ૧૪થી ૨૮ માર્ચ ૨૦૨૩ દરમિયાન લેવામાં આવી હતી. જ્યારે ધોરણ ૧૨ની પરીક્ષા ૧૪ માર્ચથી ૨૫ માર્ચ દરમિયાન લેવામાં આવી હતી.

## ઔરંગાબાદમાં કારને નડ્યો ગંભીર અકસ્માત, સુરતના ૪ યુવાનોના કમકમાટીભર્યા મોત

સુરતઃ ઔરંગાબાદ જિલ્લાના સમૃદ્ધિ એક્સપ્રેસ વે પર બુધવારે અંતિમ સંસ્કારમાંથી પરત ફરી રહેલા ગુજરાતના ચાર યુવકોનું કાર અકસ્માતમાં મોત થતાં પરિવાર પર આભ તૂટી પડ્યું છે. એક પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર સુરતના પાંચ રહેવાસીઓ એક સંબંધીના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા તેલંગાણા ગયા હતા. તેઓ મલ્ટી-યુટિલિટી વ્હીકલ (સ્ફ)માં પરત ફરી રહ્યા હતા ત્યારે એક્સપ્રેસ વે પર કરમાડ પાસે તેઓ અકસ્માતનો ભોગ બન્યા હતા.કરમાડ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે બુધવારે સવારે ૩ વાગ્યાની આસપાસ કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી. જેમાં ત્રણ લોકોનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મૃતકોની ઓળખ સંજય ગૌડ (૪૩), ક્રિષ્ના ગૌડ (૪૪), શ્રીનિવાસ ગૌડ (૩૮) અને સુરેશ ગૌડ (૪૧) તરીકે થઈ છે. જ્યારે સુરેશના ૧૯ વર્ષીય પુત્રનો બચાવ થયો છે. અકસ્માતને લઈને તે ખૂબ જ ડરી ગયો હોવાથી તેનું નિવેદન હજી સુધી પોલીસ નોંધી શકી નથી.ઔરંગાબાદ ગ્રામીણ પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના સમૃદ્ધિ મહામાર્ગના જયપુર-સિવાર પેચ પર બુધવારે સવારે પથી ૫.૩૦ વાગ્યાની વચ્ચે બની હતી. હાઈવે પર એક પોઈન્ટ છે જ્યાં રસ્તાની બંને બાજુએ કનેક્ટર છે જ્યાંથી વાહનો યુ-ટર્ન લઈ શકે છે. આ દરમિયાન અર્ટિગા કાર આ કનેક્ટરની દિવાલ સાથે અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.અકસ્માત એટલો ગંભીર હતો કે ડ્રાઈવર અને આગળની સીટ પર બેઠેલા વ્યક્તિ ખરાબ રીતે કચડાઈ ગયા. ઔરંગાબાદ ગ્રામીણ પોલીસના કરમાડ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટરે મીડિયાને જણાવ્યા મુજબ અકસ્માતની અસર પછી કારની એરબેગ્સ ખુલી ગઈ હતી પરંતુ ટક્કર એટલી ગંભીર હતી કે પણ કારમાં સવાર વ્યક્તિઓને બચાવી શકી નહીં.એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસ મુજબ ઊંઘને કારણે ડ્રાઈવરે સ્ટેયરિંગ પરથી ગુમાવ્યો હશે અને અકસ્માત થયો. અકસ્માત સમયે કારમાં સવાર તમામ લોકો ઊંઘી રહ્યા હતા. સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર સમગ્ર મામલે સ્થાનિક પોલીસ દ્વારા મૃતક ડ્રાઈવર સંજય સામે બેદરકારીથી ડ્રાઈવિંગ અને બેદરકારીથી મૃત્યુનું કારણ બનવા માટે ભારતીય દંડ સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. નોંધનીય છે કે, સમૃદ્ધિ મહામાર્ગ પર અકસ્માતોનું સૌથી મોટું કારણ ઊંઘ છે.ઉલ્લેખનીય છે કે, ૧૧ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ પીએમ મોદીએ મહારાષ્ટ્રના સમૃદ્ધિ હાઈવેનું ઉદ્ઘાટન કર્યું હતું. જોકે, આ હાઈવે હાલ તો મોતનો હાઈવે સાબિત થઈ રહ્યો છે. આંકડા પર નજર કરીએ તો હાઈવે ખૂલ્લો મુકાયાના ૧૦૦ દિવસમાં ૯૦૦ જેટલા અકસ્માતમાં ૩૧ લોકોએ જીવ ગુમાવ્યો છે. થોડા સમય પહેલા આ આંકડા મહારાષ્ટ્ર સરકાર દ્વારા જ જાહેર કરવામાં આવ્યા હતા. અકસ્માતોની સંખ્યા ઘટાડવામાં માટે તમામ એન્ટ્રી પોઈન્ટ પર ફરજિયાત કાઉન્સેલિંગ શરૂ કરવાનું પણ સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યું હતું.ઉલ્લેખનીય છે કે, સોમવારે જમ્મુ-કાશ્મીરના પહેલગામ ખાતે રિવર રાફ્ટિંગ દરમિયાન એક મોટો અકસ્માત સર્જાયો હતો. પાણીના ધમમસતા પ્રવાહમાં ખલાસીઓ નિયંત્રણ ગુમાવતા રાફ્ટિંગ બોટ પલટી ગઈ હતી. ધોધમાં ૩ વ્યક્તિઓ તણાઈ ગયા હતા. જેમાં મૂળ ગાંધીનગરના અને અમદાવાદના કૃષ્ણનગર ખાતે રહેતા પટેલ દંપતીનું મોત થયું હતું.

## ખેડૂત પુત્રએ ૯૯.૯૯ પીઆર મેળવ્યા:તાલાલામાં ખેતી છોડીને પુત્રને ભણાવવા રાજકોટ કારખાનામાં નોકરી કરી

(એ.આર.એલ),રાજકોટ,તા.૨૫

આજ રોજ ગુજરાત માધ્યમિક બોર્ડનાં ધોરણ-૧૦નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે, જેમાં રાજકોટ જિલ્લાનું ૭૨.૭૪% પરિણામ જાહેર થયું છે. આ પરિણામમાં દર વખતની જેમ આ વખતે પણ ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારના વિદ્યાર્થીઓએ બોર્ડમાં ડંકો વગાડ્યો છે. રાજકોટના પૂજિત રૂપાણી ટ્રસ્ટના વિદ્યાર્થી રુદ્ર ગામીએ બોર્ડમાં ૯૯.૯૯ ઈ સાથે ડંકો વગાડ્યો છે. જેના પિતા રાજકોટમાં નોકરી કરે છે અને સાથે-સાથે ગામડે ખેતી કરી રહ્યા છે. જો કે, આજે આ પરિણામથી ખેડૂત પુત્ર પર અભિનંદનની વર્ષા થઇ રહી છે.

તાલાલા ખાતે ખેતીકામ કરતા અને રાજકોટમાં ભાડાના મકાનમાં રહી દીકરાને અભ્યાસ કરાવવા આવેલા ગામી પરિવારના દીકરાએ આજે બોર્ડમાં ડંકો વગાડી પિતાની ઈચ્છા પૂર્ણ કરી છે. રુદ્ર ગામી નામના આ વિદ્યાર્થીએ આજે ધોરણ ૧૦ માં ૯૯.૯૯ PR અને ૯૬.૬૬% મેળવી પોતાના માતા-પિતા અને શાળા સહિત સમગ્ર રાજકોટનું નામ રોશન કર્યું છે. રુદ્રનાં પિતા ખેતી કરતા હોવા છતાં તેનાં દીકરાના અભ્યાસ માટે રાજકોટમાં મકાન ભાડે રાખી કારખાનામાં નોકરી કરતા હતા.

રુદ્ર ગામી પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના ટ્રસ્ટ પૂજિત રૂપાણી ટ્રસ્ટમાં રહી રાજકોટની ધોળકિયા શાળામાં અભ્યાસ કરતો હતો. શાળાએ પણ છેલ્લા ૩ વર્ષથી રુદ્રની ફી લીધી ન હતી અને તેમને નિઃશુલ્ક અભ્યાસ કરાવતા હતા જેની સામે રુદ્રએ તેમની પાછળ તમામની મદદને ભરપૂર મહેનત સાથે સાકાર કરી બતાવી છે. આ તકે વાતચીતમાં રુદ્રએ જણાવ્યું હતું કે, હું ખૂબ સામાન્ય પરિવારમાંથી આવું છું. મારા પિતા ખેતીકામ કરતા હોવા છતાં મારા અભ્યાસ માટે રાજકોટમાં મકાન ભાડે રાખીને રહેતા હતા. સાથે જ શાળા દ્વારા પણ અમારી આર્થિક પરિસ્થિતિ ધ્યાને રાખીને મને વિનામૂલ્યે શિક્ષણ આપવામાં આવ્યું હતું. મેં શરૂઆતથી જ ખૂબ મહેનત કરી હતી. જેમાં શાળાના સમય ઉપરાંત ઘરે પણ સતત વાંચન કરતો હતો અને જ્યારે મુશ્કેલી પડે ત્યારે શાળાનાં શિક્ષકો પણ ખૂબ સારો સપોર્ટ કરતા હતા. જેને કારણે જ મને સફળતા મળી છે. હવે આગળ મારે આઈઆઈટીમાં અભ્યાસ કરીને એન્જીનીયર બનવાની ઈચ્છા છે. જયારે તેના પિતા જીતેન્દ્રભાઈ ગામીએ જણાવ્યું હતું કે, હું ખેતીકામ કરું છું અને રાજકોટમાં ખાનગી ઓફિસમાં નોકરી કરું છું. આજે મારા દીકરાનું પરિણામ ૯૯.૯૯ પીઆર આવ્યું છે.

## ધર્મ માટે અમે બાબાની સાથે છીએ, કોંગ્રેસ લઘુમતિઓના મત મેળવવા તુષ્ટીકરણ કરે છેઃ વિજય રૂપાણી

(એ.આર.એલ),રાજકોટ,તા.૨૫

બાગેશ્વર ધામના બાબા ધીરેન્દ્ર શાસ્ત્રી આજે અમદાવાદમાં આગમન થયું છે.રાજ્યના પાંચ મોટા શહેરોમાં તેમનો દિવ્ય દરબાર યોજાવાનો છે. ત્યારે બાબા રાજ્યમાં આવે તે પહેલાંથી જ વિરોધ શરૂ થઈ ચૂક્યો છે. પહેલી અને બીજી જૂનના રોજ બાબાનો દરબાર રાજકોટમાં યોજાવાનો છે. તે પહેલાં રાજકોટમાં શોભાયાત્રા નિકળવાની છે. આયોજકોએ તડામાર તૈયારીઓ કરી દીધી છે. પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, બાબા હનુમાનજીના ઉપાસક છે. તેમનો દિવ્ય દરબાર ખૂબ જ સફળ થાય અને તેઓ આગળ વધે તે માટે અમે તેમની સાથે છીએ. સનાતન ધર્મ માટે અમે હંમેશા બાબાની સાથે છીએ. તેમણે કહ્યું હતું કે, બાબા ધર્મ અને સંસ્કૃતિની વાત કરે છે. કોઈ ચમત્કારની વાત કરે છે તો કોઈ પોતાના દુઃખ લઈને આવે તો તેની શ્રદ્ધાનો વિષય છે. અમારું કહેવું છે કે, ધર્મ એ શ્રદ્ધાનો વિષય છે. કોંગ્રેસ લઘુમતીના મત મેળવવા માટે હંમેશા તુષ્ટીકરણની નીતિ પર કામ કરે છે એ લોકોને યાદ જ છે. આ પ્રસંગે મુંજકા આશ્રમના સ્વામી પરમાત્માનંદ સરસ્વતીજી પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા. પરમાત્માનંદ સરસ્વતીજીએ કહ્યું હતું કે, બહારની તાકાત સામે લડવા માટે હિન્દુઓએ એક થવું જોઈએ. બીજી તરફ સમગ્ર મામલે ૨૯મી તારીખના રોજ જે શોભાયાત્રા નીકળવાની છે તેનો રૂટ ફાઈનલ થઇ ચૂક્યો છે. તંત્ર દ્વારા શોભાયાત્રાને મંજૂરી પણ આપી દેવામાં આવી છે.

## ૧૦ વર્ષની છોકરીની ગજબની બહાદુરી, દાદીને દીપડાના મુખમાંથી ખેંચી લાવી

વડોદરાઃ ઝવેરચંદ મેઘાણીની ચારણ કન્યા નામની એક કવિતા ખૂબ જ જાણીતી છે, જેમાં હીરબા નામની ૧૪ વર્ષની છોકરીએ બહાદુરી દાખવીને સાવજને ભગાડ્યો હતો. હાલમાં દાહોદમાં પણ આ જ કવિતાને યાદ અપાવતો કિસ્સો બન્યો હતો, જ્યાં ૧૦ વર્ષની છોકરીએ પોતાના દાદીને બચાવવા માટે દીપડા સાથે બાથ ભીડી હતી. મંગળવારે મોડી રાતે દાહોદના એક અંતરિયાળ ગામમાં બે મિનિટ સુધી આ યુદ્ધ ચાલ્યું હતું, વન વિભાગના અધિકારીઓએ પણ હિરણ ચૌહાણની હિંમતના વખાણ કર્યા હતા, જેણે દીપડાનો સામનો કર્યો હતો અને દાદીનો જીવ બચાવવામાં સફળ રહી હતી. 'હિરલ, જે પાંચમા ધોરણમાં અભ્યાસ કરે છે, તે લીમખેડા તાલુકાના પાડા ગામમાં તેના ઘર બહાર ૫૯ વર્ષીય દાદી ચંપા ચૌહાણની બાજૂમાં ઊંઘતી હતી. એક દીપડો મહિલાની પાસે આવ્યો હતો અને તેમના માથાને જડબામાં દબાવી દીધું હતું. ચંપાએ પીડામાં ચીસો પાડતાં તેમની પૌત્રી જાગી ગઈ હતી. દીપડાએ મહિલાને ઢસેડવાનું શરૂ કર્યું હતું, પરંતુ હિરલ મદદ માટે બૂમો પાડવા દરમિયાન તેમને વળગી રહી હતી', તેમ દેવગઢ બારિયાના નાયબ વન સંરક્ષક (ડીસીબી) આરએમ પરમારે જણાવ્યું હતું.'છોકરી અને દીપડા વચ્ચે થોડી લડાઈ બાદ, દીપડાએ આખરે ચંપાને છોડી દીધા હતા, પાડોશીઓ પણ બંનેની મદદ માટે ત્યાં દોડી આવ્યા હતા. ચંપાને માથાના ભાગમાં ગંભીર ઈજા પહોંચી હતી, પરંતુ હાલ તેમની હાલત સ્થિર છે. આ બધું નાનકડી છોકરીની બહાદુરીને આભારી છે', 'ચંપાને છોડ્યા બાદ દીપડાએ નજીકમાં એક બકરીનો શિકાર કર્યો હતો અને તેને ઝાડ પર લઈ જઈને ફાડી ખાધી હતી. અમને બુધવારે સવારે ઝાડ પરથી અડધી ખાધેલી હાલતમાં લાશ મળી આવી હતી. ઉનાળામાં જંગલમાં પાણીનો સ્ત્રોત સૂકાઈ જાય છે, તેથી શક્ય છે કે દીપડો તરસ્યો હોવાથી જંગલ બહાર આવ્યો હોય અને અંધારામાં શિકાર કરવાનું નક્કી કર્યું હોય', તેમ પરમારે ઉમેર્યું હતું.આદમખોર દીપડાને પકડવા માટે વન વિભાગના અધિકારીઓ પાડા ગામ અને તેની આસપાસના વિસ્તારમાં પાંજરા મૂક્યા છે. લિમખેડામાં છેલ્લા ચાર દિવસમાં આવો બીજો કિસ્સો છે. ૨૧ મેની વહેલી સવીરે દીપડાએ ફુલપુર ગામમાં ઘર બહાર ઉંઘી રહેલી બે છોકરીઓ પર હુમલો કર્યો હતો. છોકરીઓના પિતાને દીપડાને પકડીને દીકરીઓને બચાવી હતી. 'આ એ જ દીપડો છે કે જેણે ચંપા પર હુમલો કર્યો હતો કે કેમ તે અંગે અમને કોઈ ખાતરી નથી', તેમ પરમારે કહ્યું હતું.અમરેલી જિલ્લામાં આવેલા ભાણીયા ગામમાં પણ હાલમાં જ આવી એક ઘટના બની હતી, જ્યાં દીપડાએ ૩૯ વર્ષના ખેડૂત પર હુમલો કર્યો હતો. રાતના સમયે જ્યારે તેઓ ઘર બહાર ઊંઘી રહ્યા હતા તે સમયે દીપડો ત્યાં આવી ચડ્યો હતો અને તેમના પર હુમલો કર્યો હતો. જેના કારણે તેમને માથાના ભાગમાં ગંભીર ઈજા પહોંચી હતી. તેમને તરત જ નજીકની હોસ્પિટલમાં લઈ જવાયા હતા.

## એક્સરસાઈઝ માટે આવતી પરિણીતા પર જિમ ટ્રેનરે બગાડી નજર, લિફ્ટમાં કર્યું ગંદુ કામ

અમદાવાદઃ શહેરના ચાંદખેડા વિસ્તારમાં છેડતીની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. એક ૨૮ વર્ષીય મહિલાએ બુધવારે પોલીસમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર તેના ટ્રેનરે જિમની લિફ્ટની અંદર તેની છેડતી કરી હતી જ્યાં તે રેગ્યુલર વર્કઆઉટ કરવા આવે છે. ઓટોમોબાઈલનો બિઝનેસ કરતી મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેણે લગભગ ૧૦ દિવસ પહેલા જિમ જવાનું શરૂ કર્યું હતું અને આરોપી નિલેશ ચૌહાણ તેનો પર્સનલ ટ્રેનર હતો.ફરિયાદ અનુસાર ૨૧ મેના રોજ તે સાંજે ૪ વાગ્યે જિમ પરિસરમાં પહોંચી અને જ્યારે તે પાંચમા માળે જવા માટે લિફ્ટમાં એન્ટર થઈ ત્યારે ચૌહાણ તેની પાછળ આવ્યો અને કથિત રીતે તેની છેડતી કરવાનું શરૂ કર્યું. જ્યારે તેણીએ પ્રતિકાર કર્યો અને જણાવ્યું કે, આ અંગે તે તેના પતિને જાણ કરશે. ત્યારે હવસખોર ચૌહાણે કથિત રીતે તેને મારી નાખવાની ધમકી આપી હતી. જેના કારણે ડરી ગયેલી પરિણીતાએ તેના પતિને જાણ કરી ન હતી.૨૩ મેના રોજ જ્યારે તે જ્યારે જિમમાં હતી ત્યારે ચૌહાણે કથિત રીતે તેનો લેટેસ્ટ ફોટોગ્રાફ માંગ્યો હતો અને કહ્યું હતું કે તે તેની ફિટનેસ પ્રોગ્રેસ ચકાસવા માટે છ મહિના પછી લેવામાં આવેલા ફોટા સાથે તેની તુલના કરશે. ફરિયાદમાં એવો પણ આરોપ છે કે ચૌહાણે પરિણીતા પાસે કપડાં વગરની તસવીર પણ માંગી હતી. જો કે, પરિણીતાએ ફોટોગ્રાફ આપવાની ના પાડીને એરોબિક્સ ક્લાસમાં જતી રહી હતી.જ્યારે પરિણીતા એરોબિક્સ ક્લાસ પતાવીને ઘરે જવાની નીકળી ત્યારે ચૌહાણે તેને કહ્યું કે તે તેને નીચે મળવા માંગે છે. ત્યારબાદ તે લિફ્ટમાં દાખલ થયો અને લિફ્ટના બટન દબાવવા લાગ્યો. ફરિયાદમાં આરોપ છે કે ચૌહાણે તેને લિફ્ટમાંથી બહાર નીકળવા ન દીધી અને ફરીથી તેની સાથે શારીરિક છેડતી કરી હતી. જો કે, પરિણીતાએ કોઈક રીતે ત્યાંથી ભાગી જવામાં સફળ રહી અને તેણે તેના પતિને ફોન કર્યો હતો. બાદમાં મહિલાએ પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરીને ચૌહાણ સામે પીછો, છેડતી અને ફોજદારી ધમકીની ફરિયાદ નોંધાવી હતી.પરિણીતાની ફરિયાદના આધારે ચાંદખેડા પોલીસ દ્વારા આરોપી ચૌહાણ સામે વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને બાદમાં તેની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.










NEWS OF GANDHINAGAR_P-1

## તંત્રી સ્થાનેથી...

# કાળા નાણાં પર અંકુશ

તાજેતરમાં જ ભારતીય રિઝર્વ બેંકે બે હજારના મૂલ્યની ચલણી નોટો પાછી ખેંચી લીધી હતી, જેને બદલવાનું કામ હવે શરૂ થઈ ગયું છે. રિઝર્વ બેંકે આ સંદર્ભે તમામ બેંકોને નિર્દેશ જારી કર્યા હતા, પરંતુ લાગે છે કે એ બાબતે બેંકો અસમંજસમાં છે અને એટલે જ તેમના કામમાં એકરૂપતા નથી જોવા મળી. બની શકે કે આવનાર દિવસોમાં આ સમસ્યાનું સમાધાન થઈ જાય કે બે હજારની નોટ બદલવા અને તેને જમા કરાવવા મામલે કયા પ્રકારના નિયમોનું પાલન થવાનું છે, પરંતુ એટલું જ પૂરતું નહીં હોય. રિઝર્વ બેંકે બે હજારની નોટો પાછી ખેંચવાની જાહેરાત કરતાં કહ્યું હતું કે તે કાયદેસર જ રહેશે. પ્રશ્ન એ છે કે ક્યાં સુધી? રિઝર્વ બેંકે એ પણ સૂચિત કર્યું છે કે નોટ બદલવાની સમયસીમા એટલે કે ૩૦ સપ્ટેમ્બર બાદ આગળ જરૂરી નિર્ણય લેવામાં આવશે. શું ત્યાં સુધી ઉપરોક્ત પ્રશ્નનો કોઈ જવાબ નહીં મળે? જે પણ હોય, ઉલ્લેખનીય છે કે પહેલા દિવસે બેંકોમાં નોટ બદલવા કે જમા કરાવવા માટે વધુ ભીડભાડ નથી જોવા મળી. શું તેનો અર્થ એ છે કે આમ જનતા પાસે બે હજારની વધુ નોટો નથી? લાગે છે તો એવું જ, પરંતુ તેની સાથે એની પણ અવગણના ન કરી શકાય કે સોનાના ભાવમાં ઉછાળો આવી ગયો છે. તે સિવાય આભૂષણોની ખરીદીમાં પણ તેજી જોવા મળી રહી છે અને ડોલરની ખરીદીમાં પણ. એનાથી નોટબંધી બાદના દિવસોની યાદ તાજી થઈ રહી છે. ત્યારે પાંચસો અને એક હજારની નોટો બેંકમાં જમા કરાવવાની સાથે આભૂષણો અને જમીન-જાયદાદની ખરીદીમાં ખપાવી દેવામાં આવી હતી. તેને કારણે જ નોટબંધીનાં ઈચ્છિત પરિણામ નહોતાં મળી શક્યાં.

આશા રાખીએ કે રિઝર્વ બેંકે એ નક્કી કર્યું હશે કે બે હજારની નોટ પાછી લેવાના તેના ફેંસલા પાછળ જે ઉદ્દેશ્ય નક્કી કર્યા, તે પૂરા થશે. જોકે બે હજારની નોટ કુલ કરન્સીના ૧૦ ટકાની આસપાસ જ છે, તેથી તેને પાછી ખેંચવાના નિર્ણયનો અર્થવ્યવસ્થા પર સીમિત પ્રભાવ હશે. ત્યારબાદ પણ રિઝર્વ બેંકે એ તત્ત્વોને સફળ ન થવા દેવા જોઈએ, જે બે હજારની નોટોને મનમાફક રીતે ખપાવવામાં પડ્યા છે. તેનાથી એ જ ખબર પડે છે કે બે હજારની નોટ કાળા નાણાંનો રસ્તો બની ગઈ હતી. કદાચ આ જ કારણે કેટલાંય વર્ષ પહેલાં તેનું છાપકામ બંધ કરી દેવામાં આવ્યું હતું. લોકો વચ્ચે તેનું ચલણ પણ ઓછું થઈ ગયું હતું, પરંતુ એ ન કહી શકાય કે કાળા નાણાંનો સંગ્રહ કરનારે તેની જમાખોરી નથી કરી. જો બે હજારની નોટો પાછી ખેંચવાના નિર્ણય બાદ પણ કાળું નાણું ધરાવતા લોકો પર અંકુશ નથી લાગતો તો તેનાથી એ જ સાબિત થશે કે જો સરકાર અને રિઝર્વ બેંક કરતાં આવા લોકો બે ડગલાં આગળ રહે છે. સારું થશે કે કાળા નાણાંની અર્થવ્યવસ્થા પર અંકુશ લગાવવાના નવા ઉપાય શોધવામાં આવે.

## કબીરવાણી



'બડા ભયા તો કયા ભયા, જૈસે પેડ ખજૂર,
પંથી કો છાયા નહીં, ફલ લાગે અતિ દૂર'

કાશી સ્થિત કબીરજીએ પોતાની કબીરવાણી, દુહા, સાખી, વિગેરેમાં માનવજાતને કોઈ સારી શીખ કે બોધપાઠ મળે એવીજ વાતો વર્ણવેલી છે. એમના દરેક ઉદાહરણોમાં કોઈને કોઈ ગૂઢાર્થ છુપાયેલો જ હોય છે.

ઉપરોક્ત સાખીમાં કબીરજી કહે છે કે, ખજૂરનું ઝાડ ગમે તેટલું ઊંચું હોય, પરંતુ તે કોઈ કામનું હોતું નથી. કારણકે એક તો ખજૂરનું ઝાડ એટલું બધું ઊંચું હોય છે કે કોઈ સામાન્ય માણસ સહેલાઈથી ઝાડ ઉપર ચઢી શકે નહીં. બીજું એનાં ફળ એટલે કે ખજૂર પણ એટલાં બધાં દૂર લાગે છે કે કોઈને ખાવાની ઈચ્છા સરખી થતી નથી, વળી જો ભૂલેચૂકે ખજૂરનાં ઝાડ ઉપરથી પડ્યા તો તરત જ રામ રમી જાય છે. બીજું ખજૂરનાં પાન એટલાં ટૂંકા હોય છે કે કોઈ મુસાફર ખજૂરનાં ઝાડ નીચે સૂઈ જાય તો એને છાંયો પણ મળતો નથી. હકીકતમાં કબીરદાસજીએ ઉપરોક્ત ઉદાહરણ દ્વારા માનવજાત ઉપર બહું મોટો કટાક્ષ કર્યો છે. જેમ કે કોઈ વ્યક્તિ મોટા પદ કે હોદ્દા ઉપર બિરાજમાન હોય, પરંતુ તે કોઈને મદદરૂપ ના થાય, કોઈ જરૂરિયાતમંદ ને નોકરી ના આપે, કોઈ વ્યક્તિ આર્થિક ભીંસમાં હોય તો એને સહાય ના કરે અને મિથ્યા ગુમાનમાં રાચે એનો કોઈ મતલબ નથી. લોકો આવી વ્યક્તિઓથી દૂર ભાગે છે અને એમની પાસેથી કોઈ આશા કે અપેક્ષા રાખતા નથી. ખરેખર તો જે વ્યક્તિ ઉચ્ચ હોદ્દા પર જાય તો એ વધારે પડતો નમ્ર, વિનયી અને સહૃદયી બનવો જોઈએ અને પોતાના પદ અને પોઝીશનનો સદુપયોગ કરવો જોઈએ. જ્યારે કોઈ વ્યક્તિ ઉચ્ચ અધિકારી પાસે આશા લઈને જાય છે એ વ્યક્તિને સાંત્વના આપવાને બદલે એને ધુત્કારીને કાઢી મૂકે તો એ અધિકારીના પદ અને હોદ્દાની કોઈ કિંમત રહેતી નથી. માણસે લીમડાના કે વડના ઝાડ જેવાં બનવું જોઈએ કે એમના ઝાડ નીચે સૂવાથી છાંયો લાગે છે અને મુસાફરો શાંતિની નિંદર પણ લઈ શકે છે. આમ કબીરદાસજીએ ખજૂરનાં ઉદાહરણ દ્વારા માનવજાતને બહું મોટો ચાબખો માર્યો છે.

**-યોગેશભાઈ આર જોશી**

### તમારા પાર્સલમાં ડ્રગ્સ છે...

# કહીને ગઠિયાઓએ મહિલાને લગાવ્યો લાખો રૂપિયાનો ચૂનો

અમદાવાદ: શહેરમાં અત્યારે સાયબર ક્રાઈમની ઘટનાઓ સતત વધી રહી છે. તેવામાં સાઉથ બોપલમાં રહેતી એક મહિલા સાથે પાર્સલ સર્વિસના નામે છેતરપિંડી થઈ હતી. ૨ અજાણ્યા શખસોએ એક પાર્સલ સર્વિસનો ફોન કરી ૪ લાખ રૂપિયા સુધીની રકમ પચાવી પાડી હતી. બોપલ પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવેલી એફઆઈઆરમાં, ૪૩ વર્ષીય હિના દોશીએ જણાવ્યું હતું કે તે પ્રહલાદનગર સ્ટુડિયોમાં ઈન્ટિરિયર ડિઝાઈનર તરીકે કામ કરે છે અને દક્ષિણ બોપલમાં રહે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તેની સાથે ૨૬ જાન્યુઆરીથી આ ફ્રોડ શરૂ થયો હતો. એ દિવસે અજાણ્યા શખસનો ફોન આવ્યો અને તેને કહ્યું કે તે એક પાર્સલ સર્વિસમાં કામગીરી કરી રહ્યો છે. આ કોલરે જણાવ્યું કે મહિલાએ મુંબઈથી તાઈવાન એક પાર્સલ મોકલ્યું છે. જેમાં ગેરકાયદેસર વસ્તુઓની હેરાફેરી કરાઈ રહી છે. હિના દોશીએ તેની ફરિયાદમાં વિગતવાર જણાવ્યું હતું કે પાર્સલ કંપનીથી ફોન કરનાર શખસે જણાવ્યું હતું કે હિનાએ મુંબઈથી તાઈવાનમાં કપડાં, પાંચ ડેબિટ કાર્ડ, પાંચ ક્રેડિટ કાર્ડ, ૩૮૦ ગ્રામ ગાંજો અને બહુવિધ બેંક દસ્તાવેજો સહિતની વિવિધ ગેરકાયદેસર વસ્તુઓ ધરાવતું પેકેજ મોકલ્યું હતું. કોલ કરનારે જણાવ્યું હતું કે પાર્સલ તેની ગેરકાયદેસર સામગ્રીને કારણે અટકાવવામાં આવ્યું હતું અને મુંબઈ પરત ફર્યું હતું. જોકે આ વિગતોને હિનાએ નકારી કાઢી હતી.આગળ કાર્યવાહી કરવા માટે હિનાને આ કોલર દ્વારા મુંબઈ હાજર થવા જણાવ્યું હતું. આ અંગે હિનાએ ના પાડી દેતા તેને કથિત રીતે મુંબઈના નાર્કોટિક્સ ઓફિસરને ફોન ટ્રાન્સફર કર્યો હતો. અહીં બંને વચ્ચે આ મુદ્દે ચર્ચાઓ ચાલી હતી.નોંધનીય છે કે કથિત રૂપે નાર્કોટિક્સ ઓફિસર તરીકે જેને ફોન લીધો હતો તેણે મહિલા સાથે વાતચીત કરી હતી.

# પીએમ મોદી ૨૮મેએ સંસદ ભવનના ઉદઘાટન સાથે ૬૦૦૦૦ શ્રમયોગીઓનું સન્માન કરશે : અમિત શાહ

### કોંગ્રેસ, ડાબેરીઓ, આપ, ઉદ્ધવની શિવસેના, આરજેડી, જેડીયુ સહિત અનેક પક્ષોએ બહિષ્કારની કરી જાહેરાત

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૫ મોદી સરકાર ૯ વર્ષ પૂર્ણ કરવા જઈ રહી છે. આ ખાસ અવસર પર ગૃહમંત્રી અમિત શાહ પ્રેસ કોન્ફરન્સ કરી રહ્યા છે જેમાં તેઓ ૯ વર્ષમાં સરકારની ઉપલબ્ધિઓ જણાવી રહ્યા છે. આ દરમિયાન તેમણે કહ્યું કે નવું સંસદ ભવન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દૂરંદેશીનો પુરાવો છે, તે રેકોર્ડ સમયમાં પૂર્ણ થયું છે. તેમણે કહ્યું કે પીએમ મોદી ૨૮ મેના રોજ નવા સંસદ ભવનનું ઉદ્‌ઘાટન કરશે. આ દરમિયાન તેઓ ૬૦ હજાર શ્રમ યોગીઓનું સન્માન પણ કરશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પત્રકાર પરિષદને સંબોધતા મોટી જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે આગામી ૨૮મેના રોજ વડાપ્રધાન મોદી નવા સંસદ ભવનનું ઉદઘાટન કરશે. તેમણે કહ્યું કે તેની સાથે સાથે પીએમ મોદી ૬૦૦૦૦ શ્રમયોગીઓનું સન્માન પણ કરશે. આ નવું સંસદ ભવન પીએમ મોદીની દુરદર્શિતાનું જ પરિણામ છે. જ્યારે બીજી બાજુ વિપક્ષો તરફથી આ સંસદ ભવનના ઉદઘાટન સમારોહનો બહિષ્કાર કરવાના અહેવાલ આવી રહ્યા છે. જેમાં કોંગ્રેસ સહિત ટોચના વિપક્ષી દળો સામેલ છે. ગૃહમંત્રી અમિત શાહે આ દરમિયાન સેંગોલનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે સેંગોલનું આપણા ઈતિહાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. આપણા પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ પણ સેંગોલને સ્વીકાર્યું હતું. સેંગોલ અંગ્રેજોથી સત્તા મળવાનું પ્રતીક છે.

અમિત શાહે કહ્યું કે, ઉદ્‌ઘાટન સમારોહમાં એક ઐતિહાસિક પરંપરાને પુનર્જીવિત કરવામાં આવશે, જેની પાછળ યુગોથી જોડાયેલી પરંપરા છે. તેણે કહ્યું કે તેને તમિલમાં સેંગોલ કહેવામાં આવે છે જેનો શાબ્દિક અર્થ થાય છે સંપત્તિથી સંપન્ન. તેમણે કહ્યું કે, ૧૪ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ એક અનોખી ઘટના બની હતી. આજે ૭૫ વર્ષ બાદ દેશના મોટાભાગના નાગરિકો આ વાતથી વાકેફ નથી. સેંગોલે આપણા ઈતિહાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ સેંગોલ સત્તાના સ્થાનાંતરણનું પ્રતીક બની ગયું. આ અંગેની માહિતી જ્યારે પીએમ મોદીને મળી તો તેની સંપૂર્ણ તપાસ કરાવી હતી. આ તપાસ બાદ નક્કી થયું કે તેને દેશ સમક્ષ મુકવામાં આવે. આ માટે નવા સંસદ ભવનનાં ઉદ્‌ઘાટનનો દિવસ પસંદ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન ઉદઘાટન અંગે રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસ, ડાબેરીઓ અને આમ આદમી પાર્ટી સહિત વિપક્ષી દળોનું કહેવું છે કે ઉદઘાટન પીએમ મોદીએ નહીં પણ રાષ્ટ્રપતિએ કરવું જોઈએ. આટલું જ નહીં વિપક્ષે સરકાર સામે આક્ષેપ કર્યો છે કે તે રાષ્ટ્રપતિની ગરીમાને નબળી પાડી રહી છે. તેમને સરકારના વડા હોવા છતાં ઉદઘાટન માટે બોલાવાયા નથી. આ દરમિયાન કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, ઉદ્ધવ ઠાકરેની શિવસેના, એનસીપી, આરજેડી, જદયુ સહિત ૧૯ વિપક્ષી દળોએ આ સમારોહમાં હાજરી નહીં આપી તેનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી દીધી છે. પીએમ મોદીના હસ્તે સંસદના ઉદઘાટન અંગે સૌથી પહેલા કોંગ્રેસના પૂર્વ સાંસદ રાહુલ ગાંધીએ સવાલ ઊઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે આ ઉદઘાટન પ્રધાનમંત્રીએ નહીં પણ રાષ્ટ્રપતિએ કરવું જોઈએ. તેમના પછી કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાઅર્જુન ખડગે સહિત અનેક વિપક્ષી દળોએ મોરચો ખોલ્યો હતો. હવે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેના, કોંગ્રેસ, આપ, એનસીપી, સીપીઆઈ, સીપીએમ, એઆઈએમઆઈએમ, આરજેડી અને જેડીયુએ પણ આ કાર્યક્રમનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી દીધી છે. બંગાળની સત્તાધારી પાર્ટી ટીએમસી અને તમિલનાડુની ડીએમકે પણ આ કાર્યક્રમમાં હાજરી નહીં આપે. હાલમાં ભારત રાષ્ટ્ર સમિતિ અને અકાલી દળ વતી કોઈ નિર્ણય આવ્યો નથી. એવું મનાય છે કે બહિષ્કારનો નિર્ણય બીઆરએસ પણ કરી શકે છે. જોકે અકાલી દળ આ કાર્યક્રમમાં સામેલ થઈ શકે છે. જોકે તેમના વતી પણ કોઈ નિર્ણય આવ્યો નથી. જ્યારે યુપીની મુખ્ય વિપક્ષી પાર્ટી સપા અને આરએલડીએ કાર્યક્રમના બહિષ્કારની જાહેરાત કરી છે. જોકે ચર્ચા એવી છે કે માયાવતીની બસપા અને આંધ્રપ્રદેશની સત્તાધારી વાયએસઆર કોંગ્રેસ આ કાર્યક્રમમાં જોડાઈ શકે છે. બીજેડીએ હજુ આ મામલે કોઈ નિર્ણય કર્યો નથી.

## મનની ફિલોસોફી

મનની પ્રકૃતિ શરીર સાથે ક્રિયા-પ્રતિક્રિયા કરે તેનો અભ્યાસ મનની ફિલસૂફીની છત્ર હેઠળ કરવામાં આવે છે. ચેતનાની પ્રકૃતિ, મન અને શરીર વચ્ચેનું જોડાણ, માનસિક કાર્યકારણ, ભાષા અને સમજશક્તિ વચ્ચેના જોડાણનો સમાવેશ થાય છે. અદ્વૈતવાદ અને દ્વૈતવાદ વચ્ચેની ચર્ચામાં મન અને શરીર બે અલગ વસ્તુઓ છે, જે મનની ફિલસૂફીમાં સૌથી મહત્વપૂર્ણ મુદ્દાઓમાંનો એક છે.

સમકાલીન ફિલસૂફીના પિતા, રેને ડેસકાર્ટેસ (૧૫૯૬-૧૬૫૦) ને માનવ મન પર વિસ્તૃત રીતે લખવાનો શ્રેય આપવામાં આવે છે. તેમણે દલીલ કરી હતી કે મન શરીરથી સ્વતંત્ર રીતે વિચારી શકે છે અને તે શરીરથી અલગ પદાર્થ છે. જહોન લોકે (૧૬૩૨-૧૭૦૪) અનુસાર મન જન્મથી જ ખાલી સ્લેટ જેવું તેમાં તમામ જ્ઞાનના અનુભવ દ્વારા પ્રાપ્ત થાય છે. ડેવિડ હ્યુમ (૧૭૧૧-૧૭૭૬) અનુસાર, આદત અને સંગત મનને ઉત્પન્ન કરે છે. ઈમેન્યુઅલ કાન્ત (૧૭૨૪-૧૮૦૪) અનુસાર, વિશ્વ પ્રત્યેની આપણી ધારણા આપણા વિચારો દ્વારા સક્રિયપણે આકાર લે છે. વિલિયમ જેમ્સ (૧૮૪૨-૧૯૧૦) અનુસાર મન એ જાગૃતિનો પ્રવાહ છે. તેમના મતે, મન એ ભૌતિક પદાર્થ છે. બર્ટ્રાન્ડ રસેલ (૧૮૭૨-૧૯૭૦) ધ માઈન્ડ, ગિલ્બર્ટ રાયલે (૧૯૦૦-૧૯૭૬) અને જહોન સેરલે (૧૯૩૨-હાલ) અનુસાર, એક સામગ્રી નથી પરંતુ સ્વભાવનો સંગ્રહ છે.

સોક્રેટીસ, પ્લેટો, એરિસ્ટોટલ, કન્ફ્યુશિયસ, બુદ્ધ, મહાવીર અને ચાણક્ય એ કેટલાક જાણીતા તત્વચિંતકો અને આધ્યાત્મિક વ્યક્તિઓના મત અનુસાર મન શરીરથી અલગ છે કે કેમ તે પ્રશ્ન એક એવો વિષય છે જે સતત આવતો રહે છે. લોકે ભારપૂર્વક જણાવ્યું હતું કે મન એ ફક્ત વિચારોનો સંગ્રહ છે? મન અને શરીર અલગ વસ્તુઓ છે? જો મન અને શરીર અલગ હોય તો આપણે ક્યારેય નિશ્ચિત થઈ શકીએ?

હિન્દુ વિદ્વાન રામાનુજાચાર્ય દ્વારા વિસ્તાદ્વૈત વિચારધારાની રચના કરવામાં આવી હતી. સર્વકાલીન મહાન આધ્યાત્મિક શિક્ષકોમાંના એક, રૂમી પર્શિયન કવિ અને ધર્મશાસ્ત્રી હતા. દલાઈ લામા તિબેટીયન બૌદ્ધ ધર્મના વડા છે, તેઓ કરુણા, અહિંસા અને શાંતિનો ઉપદેશ આપવા માટે જાણીતા છે. જર્મનમાં જન્મેલા એકહાર્ટ ટોલે તેમના પુસ્તક ધ પાવર ઓફ નાઉ માટે જાણીતા આધ્યાત્મિક માર્ગદર્શક છે. દીપક ચોપરા એક ભારતીય-અમેરિકન ડૉક્ટર, લેખક અને જાહેર વક્તા છે જેઓ આધ્યાત્મિકતા અને મન-શરીરની દવા પરના તેમના કાર્ય માટે શ્રેષ્ઠ ઓળખાય છે. આપણા પોતાના મગજની બહાર પણ એક બ્રહ્માંડ છે તેની ખાતરી કરી શકીએ કે કેમ તે પ્રશ્નનો કોઈ સરળ ઉકેલ નથી. ફિલોસોફરોએ આ જટિલ મુદ્દા પર બધા પોતપોતાના દ્રષ્ટિકોણ પ્રદાન કર્યા છે, પરંતુ કોઈ એક સર્વસંમતિથી ઉકેલ લાવી શક્યું નથી.

અસંખ્ય માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ, જેમાં હતાશા, અસ્વસ્થતા અને ખાવાની વિકૃતિઓનો સમાવેશ થાય છે, તેની સાથે સફળતાપૂર્વક સારવાર કરી શકાય તેવું દર્શાવવામાં આવ્યું છે. વધુમાં, વિજ્ઞાને આપણા માટે અગાઉના અકલ્પનીય ઊંડાણમાં મનને સમજવા અને માનસિક સ્વાસ્થ્યના સુધારમાં મદદ કરી શકે તેવી સારવારો બનાવવાનું શક્ય બનાવ્યું છે. નવી ફાર્માસ્યુટિકલ્સ, મગજની ઈમેજિંગ ટેક્નોલોજી, સૂચનાત્મક વ્યૂહરચનાઓ અને માનસિક સ્વાસ્થ્યને ટેકો આપતા કામના વાતાવરણની રચના એ માનવ અસ્તિત્વ પર વૈજ્ઞાનિકોના પ્રભાવના ઉદાહરણો છે. વિજ્ઞાન કેટલી ઝડપથી વિકાસ કરી રહ્યું છે તે જોતાં, આવનારા વર્ષોમાં લોકો કેવી રીતે વિચારે છે અને જીવે છે તેના પર તેનો નોંધપાત્ર પ્રભાવ હોવાની અપેક્ષા છે. આ કાર્યમાં સૌથી મહત્વપૂર્ણ માહિતીમાં સામાન્ય વ્યક્તિ કેવી રીતે અનુસરી શકે છે? મનોવિજ્ઞાન અને ન્યુરોસાયન્સ વિશે વાંચન, ચિકિત્સક અથવા કાઉન્સેલરની સલાહ લેવી, ધ્યાન અને માઈન્ડફુલનેસ વ્યાયામમાં વ્યસ્ત રહેવું, પૂરતી ઊંઘ મેળવવી, સારો આહાર લેવો, વારંવાર કસરત કરવી, નજીકના મિત્રો અને કુટુંબીજનો સાથે સમય વિતાવવો અને અન્ય ઘણી બાબતોનો સમાવેશ થાય છે. આ તબક્કાઓને અનુસરીને, સામાન્ય વ્યક્તિ પોતાની વિચારસરણીને વધુ સારી રીતે સમજી શકે છે. પડકારરૂપ વિચારો અને લાગણીઓ સાથે કામ કરવા માટે સંરક્ષણ પદ્ધતિઓ બનાવી શકે છે. જે લોકો તમારા માટે મહત્વપૂર્ણ છે તેમના માટે સમય કાઢવો અને તેમની સાથે વાતચીત કરવી મહત્વપૂર્ણ છે કારણ કે મન એક જટિલ અને રસપ્રદ અંગ છે.

**લેખક – ડૉ. ચિરાગ જાની**

# ઈન્સ્પેક્ટર સાહેબ સજજડબમ થઈ ગયા!

આપણે આપણી જાત વિશે અત્યંત ઊંચો અભિપ્રાય બાંધી લઈએ છીએ. જેમાં એક નવા પૈસાનો ખર્ચ કરવાનો રહેતો નથી. વાસ્તવમાં બજારમાં ઊભા રહીએ કે બે ત્રણ ડામીસોને પૂછીએ ત્યારે ખબર પડે કે આપણે કેવા હવાઈ કિલ્લા બનાવ્યા છે!!

પોલીસની છાપ ગમે તેવી હોય. ઓગણીસ-એકયાંશીનો પાતળો ભેદ હોય. પણ પોલીસની મથરાવટી મેલી હોય એ નક્કી છે. એક ચાદર મૈલી સી. ગૃહ મંત્રી તારી મેલી પોલીસ!!

આપણે ત્યાં રિયલ લાઈફ કરતાં રીલ લાઈનનું એટેચમેન્ટ કે આકર્ષણ હોય છે. હિન્દી સિનેમામાં મારધાડ, ચોરી, ડકેતી, લડવાડ, તોફાન, વિલન દ્વારા હીરોઈન પર જાતીય હુમલો, ખૂન વગેરે વગેરે ગુનો આચરાઈ જાય પછી પોલીસ પ્રગટે છે! મોટેભાગેડફોળ ,બોઘા ,કમઅક્કલ ,કાર્ટુન જેવા દેખાડે છે. જેના લીધે ભય, શેહ કે ખોફનાક ન લાગે પણ મિસ્ટર બિન કે થ્રી સ્ટુજીસ જેવા દેખાય! વાસ્તવિક જીવનમાં પોલીસ વહેલી કે મોડી આવતી નથી, ફરિયાદ લેતી નથી, પૈસાદારનો સપોર્ટ કરે છે, સાક્ષીને આરોપી બનાવે છે. લાંચ સિવાય જાંચ નહીં નો મોટો અપનાવે છે. લાંચ પછી જાંચ શેની એ તેમના મનમાં ઘૂમરાતો સવાલ છે!!

પોલીસની મનોવૃત્તિમાં તેમનો વાંક નથી. ઉપરી અધિકારીઓની તાબેદારીને મચ્છર ગણી મસળવાની જઘન્ય વૃતિ. અમાનવીય અને તોછડું વર્તન. કામનું ભારણ, વીકલી ઓફની કમકમાટી ભરેલી હત્યા! કુંટુંબ જીવન માણવાનો અભાવ માણસને બરડ અને રૂક્ષતા બનાવે તો શું બનાવે ?

લોકોને રોલા મારવા પોલીસ બંદોબસ્ત જોઈએ છે, નેતાને સિક્યોરિટી જોઈએ છે, ચૂંટણી , તહેવારો, સરકારી કાર્યક્રમો, મેળાવડા , પરીક્ષા, તોફાનો, હુલ્લડ, હુડદુંગ, વગેરે માટે પોલીસો ફાળવવાનાં આવે છે. તોફાનોના પથ્થર, કાકડાનો ભોગ બને છે. કોઇ છોકરું બોરમાં પડી જાય , ઘટનાસ્થળે ભીડ જમા થાય તો કાયદો-વ્યવસ્થા સંભાળવા પોલીસ કામે લાગે. કોઈની શાદી કે બારાતમાં મહેમાનો અંદર જયાફત ઉઠાવે. બહાર વ્યવસ્થા માટે તૈનાત પોલીસને પાણીનુ પણ પૂછે નહીં. ક્યાંક તો નેતાલોગની ખોવાઈ ગયેલી ભેંસ શોધવા સાતે કામ પડતાં મુકી ધંધે લાગે! સાહેબના ડોગીને ફેરવવા લઇ જવા જેવા કામો પણ નિપટાવવા પડે.

પોલીસ સારી કામગીરી કરે તો સર્ટિફિકેટ કે બસોત્રણસો રૂપરડીનું અધધધ પારિતોષિક મળે! કામગીરીમાં ભૂલ હોય તો ખુલાસો કરવાની તક આપ્યા સિવાય મનસ્વી રીતે ૨૦૦ થી પાંચ હજારનો દંડ ઠોકી દેવામાં આવે!!લોકો દગડું કે એવા નામે ઉપાલંભ આપે, ઠઠા-મશ્કરી કરે તે તો નફામાં !!

પોલીસ પરીક્ષાનું સંચાલન કરે. મંત્રીની સુરક્ષા કરે. નાણાંની હેરફેરમાં સુરક્ષા પ્રદાન કરે. ટ્રાફિક નિયમન કરે. કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરે, ગુનાની તપાસ કરે. ગ્રીન કોરિડોર રચી હ્યુમન ઓર્ગન દર્દી સુધી પહોંચાડે .ચૂંટણીની કામગીરી કરે. પરીક્ષાઓ યોજવામાં મદદ કરે. હમણા પોલીસને નવી કામગીરી મળી. જામજોધપુરમાં ડેમ છે. ડેમ તળિયાઝાટક તો ન કહેવાય, પણ ડેમ ખાલીખમ છે. ડોમમાં બચેલા પાણીની ચોરી થાય તો વરસાદ ન આવે ત્યાં સુધી શહેરને પાણી પૂરું પાડવાનું મુશ્કેલ થાય. લોકો હલ્લાબોલ કરે તે લટકામાં!!ડેમમાંથી પાણી ન ચોરી જાય તે માટે સશસ્ત્ર પોલીસો રાતદિવસ ખડેપગે ઉભા રહી ચોંકી કરે છે.

આ સમાચાર વાંચી રાજુ રદી સાતમા આસમાને પહોંચ્યો. એક અરજી લખી પોલીસ સ્ટેશને પહોંચી ગયો. પોલીસ ઈન્સ્પેક્ટરને કહ્યુ કે મને પોલીસ બંદોબસ્ત ફાળવો.

ઈન્સ્પેક્ટર સાહેબે કારણ પૂછયું.

“સાહેબ હું ઊંઘી જઉં કે મને પ્રધાનમંત્રી બન્યાના સ્વપ્ના આવે છે. કોઇ દાઢીવાળા દાદા મને ખુરશી પરથી બાવડેથી ઝાલી ઉતારી દે છે. પેલા દાદા મારા સ્વપ્નમાં ન આવે એવું કાંઇક કરો!!!” રાજુએ રીક્વેસ્ટ કરી.

ઈન્સ્પેક્ટર સાહેબ સજજડબમ થઇ ગયા!

**-ભરત વૈષ્ણવ**

### નહીં ફાવે

બીજા સાથે બાખડવાનું નહીં ફાવે,
જાત સાથે બાખડવાનું નહીં ફાવે.
જન્મથી અંધ હોય તો સમજયા ,
પાટા બાંધી આથડવાનું નહીં ફાવે.
કબુતરની જેમ હાફી શકો તો હાફો,
સસલાની જેમ હાફવાનું નહીં ફાવે.
ઈદડા કે ઢોકળા વરાળથી બફાશે,
માનવીને વરાળે બાફવાનું નહીં ફાવે.
ગાય કે ભેંસને એક લાકડીએ હાંકીએ,
આદમીને એ રીતે હાંકવાનું નહીં ફાવે.

**-ભરત વૈષ્ણવ**

## શાકાહાર - સનાતન ધર્મ અભિગમ

'માનવી જેવું કર્મ કરે છે તેવું જ ફળ તેને પ્રાપ્ત થાય છે.' વિશ્વભરમાં ફેલાયેલા ૧૦૦ કરોડ હિંદુઓમાંથી બધા જ શાકાહારી ન પણ હોઈ શકે, પરંતુ દરેકના સામિષ આહાર ન ખાવો જોઈએ તેવી ભાવના તો રહેવાની જ. એ દરેકે દરેક હિંદુના ગળથૂથીના સંસ્કાર છે, પણ દેશ, કાળ, સંજોગો, મિત્રવર્તુળ, નજીકનો સામાજિક સંબંધ, આહારની અજ્ઞાનતા, કુટુંબની રૂઢિ કે રૂઢિગત પરંપરા અને સૌથી વિશેષ સ્વાદ લોલુપતા, આ બધાં માણસને માંસાહાર ખાવા લલચાવતાં કારણો છે. દુનિયામાં સૌથી પ્રાચીનતમ ધર્મ હિંદુ ધર્મ ગણાય છે, જેમાં ચાર પાયાના સિદ્ધાંતો માંસાહાર નિષેધ કરી, શાકાહારને પ્રાધાન્ય આપે છેઃ (૧) કર્મનો સિદ્ધાંત (૨) અહિંસા અને દયા (૩) પ્રાણ અને (૪) આહારશુદ્ધિ જે અધ્યાત્મમાર્ગે મોક્ષપ્રાપ્તિ કરાવે. સરળ ભાષામાં કહીએ તો કર્મનો સિદ્ધાંત એટલે ''આપણે કરેલા દરેક કર્મનું ફળ આપણે ભોગવીએ છીએ'' તે સદ્‌કર્મ સારું અને દુષ્કર્મ ખરાબ ફળ આપે, એ સર્વ સ્વીકાર્ય વાત છે. હિંદુ માત્ર માને છે કે 'પાપ' અથવા દુષ્કર્મ એટલે જીવતા જીવને દુઃખ પહોંચાડવું કે મારી નાખવો અને 'પાપ'ની સજા (ફળ) આપણને આ કે આવતા જન્મમાં દુઃખ, દર્દ, રોગ, પીડા તરીકે ભોગવવી જ પડશે. તેથી કર્મનો સિદ્ધાંત સ્વાભાવિકપણે પુનર્જન્મ સાથે જોડાયેલો જ છે. જ્યારે સનાતન હિંદુ ધર્મની મૂળ લક્ષ્યપ્રાપ્તિ, અંતિમ ધ્યેય તો ફક્ત એક અને એક જ છે – જન્મ-મરણના ફેરાથી છૂટી, મોક્ષ પામવો. માણસ જ્યારે માંસાહારી બને છે ત્યારે તે સંચિત પાપકર્મમાં વૃદ્ધિ કરે છે, જે આખરે તેને જીવનના અંતિમ ધ્યેય-મોક્ષની વિરુદ્ધ દિશામાં લઈ જાય છે. મહાભારતના અનુશાસન પર્વમાં વેદ વ્યાસજીએ માંસાહારનાં પાપનાં કરનારાનાં કર્મની સ્પષ્ટ સજા ફરમાવેલી છેઃ “જે પોતાની ચરબી વધારવા બીજાની ચરબી ખાય છે તે ઘોર નર્કનો અધિકારી બને છે.” આવા પાપકર્મનું ફળ -પરિણામ ઉત્તરોત્તર વધતું જ જાય છે કારણ કે, ૧. માંસ ભક્ષણ કરનાર જે પ્રાણીનું માંસ ખાય છે તે પ્રાણીના મૃત્યુનો પણ સહભાગી બને છે. ભલે પોતે જાતે તેની હત્યા ન કરી હોય તો પણ “જે કોઈ પશુને મારવાનો વિચાર પણ કરે છે, તેનો શિકાર કરે છે, કે તેના માંસને વેચે છે, ખરીદે છે, રાંધે છે કે પીરસે છે, તે બધા જ આ પાપના સરખા સહભાગી છે'. ૨. આપણાં શાસ્ત્રોમાં મૃત્યુ પછી નર્ક યાતનાઓની જે સ્પષ્ટ વાત વર્ણવેલી છે તે અનુસાર આવા પાપીને મૃત્યુ પછી જે કર્મફળ ભોગવવું પડે છે તેમાં તેણે જે પ્રાણીઓને ખાધાં હશે તે બધાં જ તેના પુનર્જન્મમાં તેને ખાશે.

“શાકાહાર.. સર્વ શ્રેષ્ઠાહાર”

**-મિતલ ખેતાણી**

### પ્રેમીએ અંગતપળોનો વીડિયો બનાવ્યો

# બીજી મહિલા સાથે મળીને દેહવેપારમાં ધકેલી

(એ.આર.એલ),હિંમતનગર,તા.૨૫ મારા પિતા બીમાર થયા પછી મેં બ્યુટીપાર્લરમાં નોકરી શરૂ કરી. ઘર ચલાવવા હું નોકરી બાદ મહિલાઓના ઘરે જઈને બ્યુટી ટ્રીટમૅન્ટ પણ આપતી હતી. આ દરમિયાન મારા પ્રેમીએ અમારી અંગત પળોના વીડિયો ઉતારીને મારી હરીફ બ્યુટીપાર્લરવાળીને આપી દીધો. બાદમાં બંનેએ ભેગા થઈને મને બ્લૅકમેલ કરી અને બળજબરીથી દેહવેપારના ધંધામાં ધકેલી.બસ, હવે હું થાકી છું એટલે મેં મારા પ્રેમી અને દેહવેપારમાં ધકેલનારી બે મહિલાઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.× આ શબ્દો છે. સાબરકાંઠાના એક નાનકડા ગામમાં રહેતી ૧૯ વર્ષીય અમીનાનાં છેલ્લાં કેટલાક મહિનાથી ઘેરા માનસિક આઘાતમાંથી પસાર થઈ રહેલી અમીનાનું હાલ પોલીસ કાઉન્સેલિંગ કરી રહી છે. બીબીસીએ પોલીસની મદદથી તેની સાથે વાત કરી હતી.

અમીનાનાં ઘરમાં માત્ર તેમના પિતા કમાનારા હતા. અમીનાએ બ્યુટીપાર્લરનો કોર્સ કર્યો હોવાથી પિતા બીમાર થયા બાદ તેમણે પરિવારનું ગુજરાન ચલાવવા બ્યુટીપાર્લરમાં કામ કરવાનું શરૂ કર્યું હતું.પોતાની કમનસીબીની દાસ્તાન વર્ણવતાં અમીના કહે છે, ×અમારા પરિવારની આર્થિક સ્થિતિ સારી ન હતી. એવામાં પિતાની તબિયત બગડતા મેં બ્યુટીપાર્લરનું કામ શરૂ કર્યું. હું કામ શીખી હોવાથી પાર્લરમાં આવતી મહિલાઓને મારું કામ ગમતું પણ હતું. તેમણે આગળ કહ્યું, ×અમારા ગામમાં ઘણી મહિલાઓ ઘરની બહાર નીકળતી નહોતી એટલે હું તેમનાં ઘરે જઈને પણ કામ કરતી હતી. ગામમાં મારી અવરજવર રહેતી હતી. એવામાં યુવરાજસિંહ નામનો યુવાન વારંવાર મારી સામે પ્રેમનો પ્રસ્તાવ મૂકતો હતો. અમારો ધર્મ અલગ હોવાથી પહેલા તો મેં ના પાડી.× જોકે, આખરે બન્ને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો. અમીનાના કહેવા પ્રમાણે યુવરાજસિંહે એ પળોના વીડિયો પણ બનાવી લીધા હતા. જે અંગે તેમને જાણ પણ ન હતી.

અમીના આગળ જણાવે છે, ×મારું કામ ખૂબ સારી રીતે ચાલી રહ્યું હતું. જેનાથી અન્ય એક બ્યુટીપાર્લરવાળી આયેશા મકરાણીને નુકસાન થતું હતું. યુવરાજસિંહે અમારી અંગત પળોના ફોટોઝ અને વીડિયો આયેશાને આપી દીધા હતા અને એ દિવસથી મારી કમનસીબીની શરૂઆત થઈ ગઈ હતી.×તેઓ વધુમાં કહે છે, ×એક દિવસ આયેશાએ મને વીડિયો અને ફોટા બતાવીને કહ્યું કે હવેથી મારે એ જેમ કહેશે એ પ્રમાણે કરવું પડશે. મને ખબર હતી કે તે બ્યુટીપાર્લરની આડમાં દેહવેપાર કરે છે. તેની સાથે ફરીદા નામની એક મહિલા પણ હતી. બંને ભેગા મળીને મારો સોદો કરતા અને એ લોકો કહે એ ગ્રાહક પાસે જવું પડતું.×

આ અંગે જયારે અમીનાએ પોતાના પ્રેમી યુવરાજસિંહને કહ્યું તો તેણે પણ આયેશાના કહેવા પ્રમાણે કામ કરવા કહ્યું હતું. સાથે જ અમીનાએ આરોપ મૂક્યો હતો કે યુવરાજસિંહે પણ તેમની સાથે બળજબરીથી શારીરિક સંબંધ બંધ્યો છે. દેહવેપાર અંગેના પોતાના ડરામણા અનુભવ વિશે તેઓ જણાવે છે, ×આયેશા અને ફરીદા અવારનવાર મારો સોદો કરીને ગ્રાહકો પાસે હોટલમાં અથવા તો બીજી જગ્યાઓએ મોકલતા હતા. મને ડર લાગતો હતો પણ સાથે જ બીજો ડર આબરું જવાનો પણ હતો. ધીરેધીરે તેઓ મને વધારે પડતા લોકો પાસે મોકલતા થયા અને મારી સહનશક્તિ ખૂટી પડી.× અંતે અમીનાએ પૂર્વ પ્રેમી યુવરાજસિંહ, આયેશા મકરાણી અને ફરીદા નામક મહિલા સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ કેસની તપાસ કરી રહેલા ડીવાયએસપી સ્મિત ગોહિલે બીબીસી સાથેની વાતચીતમાં કહ્યું, ×આ યુવતીની ફરિયાદના આધારે અમે તેમનાં પૂર્વપ્રેમી યુવરાજસિંહ, આયેશા અને ફરીદા સહિત કુલ છ લોકો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.×તેમણે આગળ કહ્યું, ×જે પૈકી યુવરાજસિંહ અને આયેશાની ધરપકડ કરી છે. આ તમામ લોકો વિરુદ્ધ આઈપીસીની કલમ ૩૭૬, ૩૭૬ (ડી) અને ૩૭૦ અંતર્ગત બળાત્કાર અને જાતીય શોષણ માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવાનો ગુનો દાખલ કર્યો છે. ગુજરાત હાઈકોર્ટના વકીલ આશિષ શુક્લએ બીબીસી સાથેની વાતચીતમાં કહ્યું, ×છોકરીઓને પ્રેમજાળમાં ફસાવીને દેહવેપારમાં ધકેલવાના ગંભીર ગુના વધી રહ્યા છે. મોટા ભાગના કેસમાં પોલીસ ફરિયાદ નોંધાય એ પહેલાં જ દીકરીનાં માતાપિતા સમાધાન કરી લે છે.

NEWS OF GANDHINAGAR_P-2

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No : 153
પ્રકાર : પદ્ય
વિષય: તરવરાટ
શીર્ષક તરવરાટ

મને જિંદગી ને જાણવાં નો તરવરાટ છે,
મને જિંદગી ને માણવાં નો તરવરાટ છે.
મારાં માં જે કાંઈ બેસ્ટ છે તે સામે વાળાં ને આપવાં નો તરવરાટ છે,
સામે વાળાં માં જે કાંઈ બેસ્ટ છે તે પામવાં નો તરવરાટ છે.
શૂન્ય માં થી સર્જન કરવાં નો તરવરાટ છે,
સર્જન ને કુટુંબ માં વહેંચવાંનો તરવરાટ છે.
મા-બાપ નાં જીવન માંથી કાંઈક શીખવાં નો તરવરાટ છે,
જે કાંઈ શીખ્યો છું તે વારસો ને શીખવવાં નો તરવરાટ છે.
મારી ખાલી જિંદગી માં કો'કે મને કાંઈક આપ્યું અને હું કાંઈક બન્યો,
મારી જિંદગી માંથી કો'ક ને કાંઈક આપી તેની જિંદગી બનાવવાંનો તરવરાટ છે.
ખાલી હાથે આવ્યો'તો હું,મારાં હાથ હર્યા-ભર્યા કર્યાં મારી સાથે સંકળાયેલે,
તે સૌ ને સમય આવે તેમનાં હાથ હર્યા-ભર્યા કરી ખાલી હાથે પાછો જવાં નો તરવરાટ છે.

-જિતેન્દ્ર શાહ.અમદાવાદ

---

NOG SS No-106
વિષય- તરવરાટ
શીર્ષક-શક્તિનો સ્રોત
શબ્દ- ૧૬૫
નામ- મુક્તિદા કુમાર'રુપલી'

કેટલાક શબ્દ એવા હોય છે,કે એ શબ્દની રજુઆત નજર સામે એક ચિત્ર ખડું કરી દે છે. એ શબ્દો શક્તિના સ્રોત હોય છે.એ શબ્દ તમારી અંદર કશુંક કરવાની,મંઝિલે પહોંચવાની ઈચ્છા-ધગશ- કેટલી છે ?તેની સાબિતિ આપી દે છે. તેનું ચિત્રાણ સૌની સમક્ષ રજુ કરી દે છે.

'તરવરાટ' એક એવો શબ્દ છે,જે આપણા ઈતિહાસ-ભૂગોળ-વિજ્ઞાન-સમાજ વિજ્ઞાન બધું જ આપણા સમક્ષ ખુલ્લમ્ખુલ્લા મૂકી દે છે.

'તરવરાટ' વ્યક્તિમાં એક એવી ઊર્જા વહાવે છે,તે માત્ર દેખાવ નથી. એ શબ્દ શક્તિનો એવો દ્યોતક છે,જે વ્યક્તિ,વસ્તુ કે પ્રાણીને કશુંક કરવું છે અને કરતી જ રહે છે વ્યક્તિમાં જે/તે જગ્યાએ પહોંચવા માટેનું આળસ નથી.એની મંઝિલે જલ્દી પહોંચવાની તમન્ના-તાલાવેલી-ઊર્જા છે.

શક્ય છે એને ખબર નથી,એના રસ્તાની, એણે ક્યાં પહોંચવું છે?કેવી રીતે પહોંચવું છે? પણ એ શોધ-પોતાની ઈચ્છા પૂર્તિની શોધ માટે અવિરત મહેનત કરતી રહે છે.શક્તિને,ઊર્જાને વહાવી મંઝિલે શોધવી જ છે. 'બંદર છો દૂર છે,જાવું જરૂર છે.અલ્લા બેલી!'

# અંબાજી નજીક અભ્યારણમા આવેલ વનરાજી રિસોર્ટ વિવાદમાં, જંગલ ખાતાના જે અધિકારીઓ સંકળાયેલાં હોય તેવા આક્ષેપ




બાલારામ અંબાજી વન્ય અભ્યારણ્ય વિસ્તારને અડીને આવેલ અંબાજી નજીકના પાનસા ગામની સીમના વિશાળ સંકૂલમાં વનરાજી રિસોર્ટ આકાર પામ્યું છે. જંગલ વિસ્તારમાં નિર્માણ પામેલ લક્ઝ્યુરિયસ રિસોર્ટના સંચાલકો દ્વારા જંગલની જમીન પર દબાણ કરી કથિત પાકું બાંધકામ કર્યો હોવાનો આક્ષેપ અને ફરિયાદ ગુજરાત એનએસયુઆઈના મહામંત્રી ભવાનીસિંહ રાઠોડ દ્વારા છેલ્લા સાત માસથી જંગલ વિભાગમાં કરવામાં આવી હતી. તેમ છતાં વિભાગ વન વિભાગ દ્વારા કોઈ જ કાર્યવાહી ન થવાને કારણે બુધવારે દાંતામાં જીલ્લા વિકાસ અધિકારીની આગેવાનીમાં યોજાયેલ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત થવા પામી હતી.જેમા ડીડીઓ દ્વારા આ રિસોર્ટ નું ડીએલઆર દ્વારા સર્વે કરાવી જો ખોટું થયું હોય તો દબાણ દૂર કરવાની સૂચના જેતે વિભાગને અપાઈ છે સ્વાગત કાર્યક્રમ મા મીડિયાને પ્રવેશ અપાયો હતો નહીં. રિસોર્ટના દબાણ બાબતે ૨/૧૨/૨૦૨૨ થી nsui દ્વારા લડત ચાલુ છે.બીજી તરફ રિસોર્ટ સંચાલકોએ પણ ગેર કાયદેસર રોડ,સ્વીમીંગ પુલ બનાવ્યો હોવાનો આરોપ પણ ભવાનીસિંહ દ્વારા લગાવવામાં આવ્યો છે.

અંબાજી નજીક પાનસા ગામે આકાર પામેલ રિસોર્ટના સંચાલકો દ્વારા જંગલ વિભાગની જમીનનું કથિત દબાણ બાબતે બુધવારે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત થવા પામી હતી. જયા જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ડી. એલ. આર. કચેરી દ્વારા જમીન માપણી કરી દબાણ હોય તો દૂર કરવા આદેશ કરવામાં આવ્યો છે. જેને લઈને અંબાજી ઉત્તર રેન્જ ફોરેસ્ટ કચેરીની કામગીરી સામે અનેક આશંકાઓ જન્મી છે.જયાં જિલ્લા વિકાસ અધિકારી દ્વારા વન વિભાગના અધિકારીને તાત્કાલિક ડી.એલ.આર કચેરી દ્વારા જમીન માપણી કરી જો દબાણ હોય તો દૂર કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. જેને લઈને અંબાજી વન વિભાગ ઉત્તર રેન્જની કચેરીની કાર્યપ્રણાલી સામે એનેક સવાલો ઉભા થવા પામ્યા છે.અંબાજી નજીક પાનસા વનરાજી રિસોર્ટ મુદ્દે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત થઇ હતી તો બીજી તરફ એક દિવસ અગાઉ કોટેશ્વર ખાતે ગરીબોના દબાણ વન વિભાગ દ્વારા દૂર કરવામાં આવ્યા છે ત્યારે ગરીબો ના દબાણ દૂર થતા તેમની આજીવીકા નો મોટો પ્રશ્ન ઉભો થયો છે ત્યારે nsiu દ્વારા કોટેશ્વર ખાતે હાજર ફ્ષક ને વનરાજી રિસોર્ટના દબાણ મુદ્દે રજૂઆત કરતા તેમને આ દબાણ દૂર કરવાની વાત કરી હતી .વધુમાં અરજદાર ભવાનીસિંહ દ્વારા મીડિયાને જણાવ્યું હતું કે ૮/૧૨/૨૦૨૧ નુ જજમેન્ટ છે કે અભ્યારણ હોય તો આવુ બાંધકામ રોડ થી દૂર કરાય પણ અહીં તો રોડ પાસે જ બાંધકામ કરાયું છે.આ મામલે આ વિસ્તારના વન અધિકારીએ કોટેશ્વર ખાતે જણાવ્યું હતું કે તપાસ ચાલુ છે દબાણ દૂર કરાશે.ગુજરાતમાં દાંતા તાલુકામાં જેટલા કૌભાંડો ચાલે છે તેટલા કૌભાંડો કોઈ તાલુકામાં ચાલતા નથી ,તેવી ચર્ચાઓએ જોર પકડી છે ત્યારે કોટેશ્વર ખાતે જે દબાણ થયુ ત્યારે વન વિભાગે કેમ તે સમય પગલાં ભર્યા નહીં, દાંતા તાલુકામાં પાનસા ખાતે વન વિભાગની જગ્યામાં ગેરકાયદેસર રસ્તો બની જાય છે અને ગેરકાયદેસર સ્વિમિંગ પુલ બની જાય છે તો વન વિભાગ અત્યાર સુધી શું કરી રહ્યું છે કેમ તે કુંભકર્ણની નિંદ્રામાંથી જાગતું નથી અને અને વનરાજી રિસોર્ટ સામે પગલાં ભરતુ નથી.

### નૌતપામાં ગરમીથી રાહત મળશે

# રાજસ્થાન-મધ્યપ્રદેશ સહિત ૧૫ રાજ્યોમાં વરસાદની શક્યતા, ચોમાસુ ૪-૫ દિવસ મોડું રહેશે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૫

નૌતપા ગુરુવારથી શરૂ થઈ ગયું છે, પરંતુ આ ૯ દિવસમાં ગરમીથી રાહત મળી શકે છે. હવામાન વિભાગ અનુસાર, મેના અંતિમ સપ્તાહ સુધી, રાજસ્થાન, મધ્યપ્રદેશ સહિત ૧૩ રાજ્યોમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ અને ઘણા વિસ્તારોમાં હળવા વરસાદની સંભાવના છે. ઉત્તરાખંડ અને હિમાચલમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. જૂનમાં ચોમાસાના પવનો પણ નબળા રહેવાની ધારણા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પોર્ટ બ્લેરથી ૪૨૫ કિમી દૂર નાનકોવરી દ્વીપ પર ચોમાસું અટકી ગયું છે. તે ૬ દિવસથી આગળ વધતું નથી. જેના કારણે દેશમાં ચોમાસું ૪-૫ દિવસના વિલંબ સાથે પહોંચી શકે છે. ચોમાસું સામાન્ય રીતે કેરળમાં ૧ જૂને આવે છે, પરંતુ આ વર્ષે તે ૫ થી ૯ જૂનની વચ્ચે હિટ થઈ શકે છે. વરિષ્ઠ હવામાનશાસ્ત્રી એચએસ પાંડેએ જણાવ્યું કે અરબી સમુદ્રમાં સર્જાયેલા ચક્રવાતથી ભેજ આવી રહ્યો છે. જેના કારણે અનેક વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પણ ૨૩ મેથી સક્રિય છે. આ સિસ્ટમ મે મહિનાના અંતિમ દિવસો સુધી યથાવત રહેવાની શક્યતા છે. જેના કારણે મે મહિનાના અંતિમ સપ્તાહની શરૂઆત હોવા છતાં બુધવારે ઉત્તર ભારતના કોઈપણ રાજ્યમાં હીટવેવ જોવા મળ્યો ન હતો. જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન, યુપી, બિહાર, ઝારખંડમાં છેલ્લા ૨૪ કલાકમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. જેના કારણે ઉત્તર ભારતના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતા ૫ ડિગ્રી ઓછું હતું.હવામાનશાસ્ત્રીઓનું કહેવું છે કે માર્ચથી મે દરમિયાન વેસ્ટર્ન ડિસ્ટર્બન્સનું સક્રિય આવવું એ સારા સંકેત નથી. જો કે ચોમાસાને ઘણા કારણોથી અસર થાય છે, પરંતુ એક મોટું કારણ છે ચોમાસા પહેલા આકરી ગરમી. જમીનનો ઓછો ભેજ અને ઉચ્ચ તાપમાન ચોમાસાને સરળતાથી આકર્ષે છે. રાજસ્થાનના અનેક વિસ્તારોમાં ૪૮ કલાક વરસાદ, ૬૦ કિમીની ઝડપે વાવાઝોડું આગળ વધશે જયપુર હવામાન કેન્દ્રના નિર્દેશક રાધેશ્યામ શર્માએ જણાવ્યું હતું કે નવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના સક્રિય થવાથી બંગાળની ખાડી અને અરબી સમુદ્રમાંથી ભેજ આવી રહ્યો છે. જેના કારણે રાજ્યમાં આગામી ૪૮ કલાક સુધી વાવાઝોડાનો સિલસિલો ચાલુ રહેશે. જો કે આ પછી ૨૬ અને ૨૭ મેના રોજ રાજ્યના કેટલાક વિસ્તારોમાં ઓછો વરસાદ પડશે. મધ્યપ્રદેશમાં નૌતપામાં પણ વાવાઝોડા સાથે જૂનના પહેલા સપ્તાહ સુધી વરસાદ શરૂ થશે ભિંડના ઘણા વિસ્તારોમાં છેલ્લા ૨૪ કલાકથી વાદળછાયું વાતાવરણ છે. વરસાદ પણ વચ્ચે-વચ્ચે વરસી રહ્યો છે. આ વખતે નૌતપાની શરૂઆત એમપીમાં વાવાઝોડા સાથે થઈ. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે આગામી ૫ થી ૬ દિવસ સુધી વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુરુવારે ભોપાલ, નર્મદાપુરમ, ઈન્દોર, ઉજ્જૈન, ગ્વાલિયર, ચંબલ અને સાગર વિભાગમાં કેટલીક જગ્યાએ વરસાદની આગાહી કરવામાં આવી છે. તે જ સમયે, પવન ૫૦ થી ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાઈ શકે છે. જયારે યુપીમાં ૨૦ શહેરોમાં યલો એલર્ટ અને ૧૭માં ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આજે ગુરુવારે સવારથી લખનૌમાં હળવો વરસાદ પડયો હતો અને. જોરદાર પવન પણ ફૂંકાયો હતો. હવામાન વિભાગે ૨૮ મે સુધી રાજ્યના ઘણા ભાગોમાં વરસાદની આગાહી કરી છે. જેના કારણે ગરમીથી રાહત મળવાની આશા છે. આવી જ રીતે બિહારમાં આગામી ૨૪ કલાક વાદળછાયું રહેશે, ૪૦ કિમીની ઝડપે વાવાઝોડાં આવશે પટના, જમુઈ, ઔરંગાબાદ સહિત ઘણા વિસ્તારોમાં ગુરુવારે વરસાદ પડ્યો હતો. ૪૦ થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. આગામી ૨૪ કલાકમાં રાજ્યના ૩૮ જિલ્લાઓમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સંભાવના છે. આ દરમિયાન ઘણા વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે કહ્યું કે બિહારથી છત્તીસગઢ તરફ ટ્રફ લાઈન પસાર થઈ રહી છે. તેની અસરને કારણે રાજ્યમાં આગામી ૨૪ કલાક સુધી વાદળછાયું વાતાવરણ રહેશે અને વરસાદની સંભાવના રહેશે. હિમાચલના ઘણા શહેરોમાં પારો ૯ ડિગ્રી સુધી ગગડ્યો: રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં બુધવાર રાતથી વરસાદ પડી રહ્યો છે. ચંબામાં પાંગી અને ભરમૌર અને લાહૌલ સ્પીતિના ઉચ્ચ શિખરો પર હિમવર્ષા થઈ છે. ૨૪ કલાકમાં ધરમપુરમાં સૌથી વધુ ૬૭.૪ મીમી અને કાંગડામાં ૫૫.૪ મીમી વરસાદ નોંધાયો હતો.

# એમસીએક્સ પર કોટન-ખાંડી વાયદાના ભાવમાં રૂ.૪૦૦ની વધુ નરમાઈ: મેન્થા તેલ પણ ઢીલું

### ચાંદીનો વાયદો રૂ.૩૪૩ ઘટ્યો: ક્રૂડ તેલ, નેચરલ ગેસમાં સાર્વત્રિક ઘટાડો: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૮,૫૭૨ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૩૮૨૯ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૫૮ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૫૩,૦૮૧ સોદાઓમાં કુલ રૂ.૨૨,૪૬૦.૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૮,૫૭૨.૦૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૩૮૨૯.૮૧ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૬,૪૩૬ સોદાઓમાં રૂ.૫,૩૪૧.૩૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૭૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૯૫૫ અને નીચામાં રૂ.૫૯,૬૫૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં કોઈ ફેરફાર વગર રૂ.૫૯,૮૬૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૦૯ વધી રૂ.૪૮,૧૯૧ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧ ઘટી રૂ.૬,૦૧૩ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧ ઘટી રૂ.૫૯,૮૮૭ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૦,૮૪૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૧,૧૫૧ અને નીચામાં રૂ.૭૦,૬૨૨ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૪૩ ઘટી રૂ.૭૦,૭૪૩ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૩૫૦ ઘટી રૂ.૭૦,૮૪૬ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૩૪૨ ઘટી રૂ.૭૦,૮૩૯ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૮,૮૦૬ સોદાઓમાં રૂ.૧,૭૦૨.૧૯ કરોડના વેપાર થયા હતા. તાંબુ મે વાયદો રૂ.૬૯૫.૭૦ના ભાવે ખૂલી, રૂ.૩.૧૫ વધી રૂ.૬૯૬.૭૦ જ્યારે એલ્યુમિનિયમ મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ ઘટી રૂ.૨૦૭.૫૦ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ ઘટી રૂ.૧૮૧ના ભાવ થયા હતા. જસત મે કોન્ટ્રેક્ટ રૂ.૩.૪૦ ઘટી રૂ.૨૦૪ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૧૦ વધી રૂ.૨૦૭.૯૫ સીસુ-મિની મે કોન્ટ્રેક્ટ રૂ.૧.૦૫ ઘટી રૂ.૧૮૦.૯૫ જસત-મિની મે વાયદો રૂ.૩.૬૦ ઘટી રૂ.૨૦૩.૨૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૯,૮૮૦ સોદાઓમાં રૂ.૧,૫૦૯.૭૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૧૫૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૧૫૯ અને નીચામાં રૂ.૬,૦૪૪ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૨ ઘટી રૂ.૬,૦૪૯ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.૬૨ ઘટી રૂ.૬,૦૫૧ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૦૦ના ભાવે ખૂલી, રૂ.૧.૪૦ ઘટી રૂ.૧૯૫.૭૦ અને નેચરલ ગેસ-મિની મે વાયદો ૧.૪ ઘટી ૧૯૫.૭ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૮.૮૧ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૭,૦૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭,૭૮૦ અને નીચામાં રૂ.૫૭,૦૨૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૦૦ ઘટી રૂ.૫૭,૪૪૦ના સ્તરે પહોંચ્યો હતો.

## ડેઈલી માર્કેટ રિપોર્ટ
**નૈમિષ ત્રિવેદી**

મેન્થા તેલ મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬.૮૦ ઘટી રૂ.૯૪૪.૬૦ બોલાયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૧૩૦.૮૦ કરોડનાં ૫,૨૨૮.૩૪૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૨૧૦.૫૪ કરોડનાં ૩૧૧.૧૮૩ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૬૨૧.૪૧ કરોડનાં ૧૦,૧૮,૬૮૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૮૮૮.૩૦ કરોડનાં ૪,૨૧,૦૪,૫૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૮૧.૬૫ કરોડનાં ૮,૭૯૦ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૯.૧૯ કરોડનાં ૨,૧૪૬ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૮૫૨.૮૧ કરોડનાં ૧૨,૨૦૫ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૬૨૮.૫૪ કરોડનાં ૩૦,૩૧૮ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧૩.૭૯ કરોડનાં ૨,૪૦૦ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૫.૦૨ કરોડનાં ૫૨.૫૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૫૦૫.૫૪૪ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૪૨.૭૨૮ ટન, તાંબાના વાયદાઓમાં ૨૦,૩૦૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૧૯,૫૭૫ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૪,૬૭૯ ટન તથા જસત અને જસત-મિનીમાં ૩૨,૧૯૩ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૯,૬૫,૯૦૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૩,૮૮,૬૩,૦૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૨૧,૪૫૬ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૫૩.૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૫૮.૨૪ કરોડનાં ૭૨૪ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૬૫૫ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૬,૦૪૩ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૧૧૫ અને નીચામાં ૧૬,૦૦૭ બોલાઈ, ૧૦૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૩ પોઈન્ટ ઘટી ૧૬,૦૮૧ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૩૮૨૯.૮૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૩૩૮.૧૭ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૨૦.૦૨ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮૧૩૩.૪૬ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮૩૧.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૪૫.૮૨ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જૂન રૂ.૬,૧૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૧૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૩૯ અને નીચામાં રૂ.૧૮૫.૩૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૯.૫૦ ઘટી રૂ.૧૮૮.૫૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૨૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૭ ખૂલી, ઉપરમાં રૂ.૧૭.૪૦ અને નીચામાં રૂ.૧૫.૬૫ રહી, અંતે રૂ.૦.૦૫ વધી રૂ.૧૬ થયો હતો. સોનું મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૦ અને નીચામાં રૂ.૩૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૨.૫૦ ઘટી રૂ.૪૨.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૭ અને નીચામાં રૂ.૨.૫૦ રહી, અંતે રૂ.૧૨.૫૦ ઘટી રૂ.૪ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૫૨૧ના ભાવે ખૂલી, રૂ.૧૩૭.૫૦ ઘટી રૂ.૧,૪૨૫ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૦૮૭ના ભાવે ખૂલી, રૂ.૧૦૫ ઘટી રૂ.૧,૪૦૦.૫૦ થયો હતો. તાંબુ જૂન રૂ.૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૭૦ વધી રૂ.૧૭.૦૬ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જૂન રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૫૧.૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૯૬ અને નીચામાં રૂ.૧૪૩.૨૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૪.૭૦ વધી રૂ.૧૯૧.૯૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૫.૭૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૦.૨૦ અને નીચામાં રૂ.૫.૭૫ રહી, અંતે રૂ.૦.૨૫ વધી રૂ.૯.૯૦ થયો હતો.

સોનું મે રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૨ અને નીચામાં રૂ.૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦.૫૦ ઘટી રૂ.૨.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૫.૫૦ અને નીચામાં રૂ.૧ રહી, અંતે રૂ.૧૩ ઘટી રૂ.૨ થયો હતો. ચાંદી જૂન રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૪૦૦.૫૦ના ભાવે ખૂલી, રૂ.૨૦૯ વધી રૂ.૧,૫૨૭.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૪૦૦ના ભાવે ખૂલી, રૂ.૨૧૮ વધી રૂ.૧,૪૫૬ થયો હતો. તાંબુ જૂન રૂ.૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૩.૪૫ વધી રૂ.૧૪.૬૫ થયો હતો.

### બાબા બાગેશ્વરના ગુજરાતમાં ધામા

# ધીરેન્દ્ર શાસ્ત્રી વટવા રામકથા મેદાને પહોંચ્યા, બાબાનાં દર્શન માટે ભક્તોનું ઘોડાપૂર ઊમટ્યું

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૫

બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રી આજથી ગુજરાતમાં ૧૦ દિવસના દિવ્ય દરબારોના કાર્યક્રમો માટે આવી પહોંચ્યા છે. આજે બપોરે બાગેશ્વર બાબા ચાર્ટર્ડ પ્લેનમાં અમદાવાદ એરપોર્ટ ખાતે આવી પહોંચ્યા હતા. ત્યાંથી તેઓ સીધા કાર મારફત અમરાઈવાડી ખાતે રહેતા એક ભક્તના ઘરે જવા નીકળ્યા હતા. તે દરમિયાન રસ્તામાં જ લોકો તેમને મળવા ઊમટી પડ્યા હતા. ધીરેન્દ્ર શાસ્ત્રીએ કારમાંથી બહાર નીકળી લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. ત્યારબાદ ધીરેન્દ્ર શાસ્ત્રી વટવા રામકથા મેદાનમાં દેવકીનંદન ઠાકુર સાથે આવી પહોંચ્યા છે. બાબાના દર્શન માટે રામકથા મેદાનમાં ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું

વટવા રામકથા મેદાને રાજ્યના પૂર્વ ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા સહિતના નેતાઓ સભા સ્થળે જોવા મળ્યા હતા. ધીરેન્દ્ર શાસ્ત્રીના આગમનને લઈને વટવા રામકથા મેદાને ભવ્ય તૈયારી કરવામાં આવી છે. બાબા માટે ખાસ આશન લગાવવામાં આવ્યું હતું. ત્યારે ધીરેન્દ્ર શાસ્ત્રી સ્ટેજ પર આવી પહોંચતા ભક્તો દ્વારા તેમનું ફૂલ હાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું. ત્યારે બાગેશ્વર બાબાએ સ્ટેજ પર આશન ગ્રહણ કર્યું.

જો કે બાગેશ્વર બાબા અમદાવાદ એરપોર્ટથી યજમાન અમરાઈવાડીના પૂર્વ કોર્પોરેટર અરવિંદ ચૌહાણના ભાઈ જુગનીભાઈના ઘરે પહોંચ્યા હતા. ત્યાં તેમણે ભોજન કર્યા બાદ વટવા રામકથા મેદાને રવાના થયા હતા. ધીરેન્દ્ર શાસ્ત્રી કારમાં સવાર હતા ત્યારે લોકોએ તેમને ફૂલનો હાર પહેરાવવા પડાપડી કરી હતી તેમજ મોમેન્ટો અને બુકે પણ લોકો આપતા નજરે પડ્યા હતા. અસહ્ય ગરમી હોવા છતાં પણ બાગેશ્વરબાબાના અનુયાયીઓ ઊમટી પડ્યા હતા. ત્યાર પછી વટવા ખાતે ઠાકુર દેવકીનંદનના નિવાસસ્થાને પહોંચ્યા હતા. ઠાકુર દેવકીનંદન સાથે બપોરે ભોજન બાદ તેઓ ત્રણ વાગ્યે કથામાં હાજરી આપશે. અમદાવાદના ચાણક્યપુરી વિસ્તારમાં આવેલા શક્તિચોક ખાતે ૨૯ અને ૩૦ મે એમ બે દિવસ દિવ્ય દરબારના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્થળ પર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પણ કામગીરી કરવામાં આવી રહી છે જે મેદાન છે, ત્યાં કેટલીક જગ્યાએ રોડ-રસ્તા સરખા કરવાની જરૂરિયાત છે. એના પર પેચ વર્કની કામગીરી કરવામાં આવી હતી.

ગોતા વોર્ડના સ્થાનિક કોર્પોરેટર અજય શંભુભાઈ દેસાઈએ કાર્યક્રમ સ્થળ પર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જે પણ કામગીરી કરવામાં આવી રહી છે એ અંગેની જાણકારી મેળવી હતી. જ્યાં પણ જરૂરિયાત હોય ત્યાં કામગીરી કરવા માટે સૂચના આપી હતી. કાર્યક્રમ સ્થળ પર સાફસફાઈ તેમજ વિસ્તારમાં લાઈટો અને રોડ યોગ્ય રીતે બનાવવાની કામગીરી હાલ ચાલી રહી છે.

## ધો.૧૦ની બોર્ડની પરીક્ષામાં અમદાવાદના પિતા-પુત્રની જોડીએ મારી બાજી

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનું ધોરણ ૧૦નું પરિણામ જાહેર થઈ ચૂક્યુંછે. ધોરણ ૧૦નું પરિણામ આજે એટલે કે ૨૫ મેના રોજ સવારે ૮ વાગ્યે જાહેર થયું છે. આ તરફ અમદાવાદમાંથી એક અનોખો કિસ્સો સામે આવ્યો છે. જણાવી દઈએ કે એક પિતા અને પુત્ર બંનેએ એક સાથે ૧૦ની પરીક્ષા આપી હતી અને બંનેનું એક સાથે પરિણામ આવ્યું છે. પુત્રને ૬૯% આવ્યા તો પિતાને ૪૫%એ ૧૦માની પરીક્ષામાં ઉતીર્ણ થયા છે. અમદાવાદમાં નવા વાડજ વિસ્તારમાં આવેલી ડીપી સ્કૂલમાં પટ્ટાવાળાની ફરજ નિભાવતાં વીરભદ્રસિંહ સિસોસીદા ૪૨ વર્ષના છે અને નાનપણમાં જવાબદારી સાથે કમાવાનું શીખી જતાં ભણતર છૂટી ગયું હતું. વીરભદ્રસિંહ સિસોસીદા આ વિશે વાત કરતાં જણાવે છે કે, 'જ્યારે પુત્ર ૧૦મા ધોરણમાં આવ્યો ત્યારે દીકરાએ હિંમત આપી આ સાથે જ શાળામાંથી પણ કહ્યું કે આ શક્ય છે કે તમે પરીક્ષા આપી શકો છો. જે બાદ દીકરા એ કહ્યું ૧૦માનું ફૉર્મ ભરો હું તમને પ્રેક્ટિસ કરાવીશ અને ધીમે-ધીમે મને ફરીથી પરીક્ષા આપવાની હિંમત આવી ગઈ. મે થોડું સ્કૂલમાંથી શીખ્યું અને મારા દીકરાએ મારી મદદ કરી આ રીતે ૧૦માની પરીક્ષા પાસ કરી.'

NEWS OF GANDHINAGAR_P-3

# રાજય ના ખેડુતોને ખેતી ક્ષેત્રે કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે રાજય સરકાર ખુબજ ચિંતીતઃકૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ

કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજયના ખેડૂતોના આર્થિક ઉત્થાન માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ ખેડૂતોની આવક બમણી થાય અને ઉત્પાદિત પેદાશોના પોષણક્ષમ ભાવો મળી રહે એ માટે મકકમ નિર્ધાર કરીને સઘન આયોજન પણ કર્યુ છે.કૃષિમંત્રી શ્રી એ ગાંધીનગર જિલ્લાના લોદરા ખાતે નવીન એફ.પી.ઓનો શુભારંભ કરાવતા કહ્યુ હતું કે,આ પુર્વ પ્રધાનમંત્રીશ્રીએ જય જવાન જય કિસાન નો નારો આપ્યો હતો, અને હાલ ના પ્રધાનમંત્રીશ્રી એ ખેડુતોની આવક બમણી થાય અને ખેડુતોને તેની ઉપજ ના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે સવિશેષ પ્રયત્નો હાથ ધર્યા છે.રાજયના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ રાજય ના ખેડુતોને ખેતી ક્ષેત્રે કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે સતત ચિંતા કરીને પડખે ઉભા રહ્યા છે.મંત્રીશ્રી એ ઉમેર્યું કે,લોદરા ગામની જમીન પણ સારી છે અને એક થી વધારે ઋતુમાં ખેતી કરી શકાય છે તેવી વિજળી,પાણી,ખાતર અને બિયારણ સમયસર મળી રહે તેવી સુવિધાઓ આ રાજય સરકારે ઉપલબ્ધ કરાવી છે ત્યારે ખેડુતો બાગાયતી પાકોની સાથે ઓછા ખર્ચે થતી પ્રાકૃતિક કૃષિ પધ્ધતી અપનાવે તે હાલના સમય ની જરુરીયાત છે.તેમણે કહ્યું કે,પ્રધાનમંત્રીશ્રી અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી એ ખેતી અને સહકાર ક્ષેત્ર ની સાથે તમામ બાબતો પર ધ્યાન કેન્દ્રીત કરીને આપણો દેશ આગળ વધે અને ભારત દેશ વિશ્વ ગુરુ બને તે માટે તનતોડ મહેનત કરી રહ્યા છે.ગૃહ મંત્રી શ્રી અમીતભાઈ શાહ ના પ્રયત્નોથી સિંચાઈ,રોડ-રસ્તા અને આરોગ્ય ક્ષેત્રે વિશેષ ફંડ આ વિસ્તારના લોકોના વિકાસ કામો માટે ફાળવણી થઈ છે ત્યારે આ ગામના ખેડુતો ખેતી અને પશુપાલન ક્ષેત્રે ખુબજ આગળ વધે તેવી શુભેચ્છા પાઠવી હતી.આ પ્રસંગે કૃષિ મંત્રી શ્રી એ આ એફ.પીઓ નું શુભારંભ કરી તેના પ્રમાણપત્રોનું સંબધીત હોદ્દેદારોને વિતરણ કર્યું હતું.માણસા ના ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલ, શ્રી આર.કે.પટેલ મહામંત્રી કિશાન સંઘ,શ્રી પી.એસ. રબારી એમ.ડી બીજ નિગમ, શ્રી કલ્પેશભાઈ પટેલ ચેરમેન- બાંધકામ સમિતી જિલ્લા પંચાયત –ગાંધીનગર તેમજ જિલ્લાના પક્ષના તેમજ કિશાન મોરચાના પદાધિકારી ઓ જિલ્લાના નાયબ બાગાયત નિયામક અને નાબાર્ડ / સીબીબીઓ ના પ્રતિનિધીઓએ એ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું, આ કાર્યક્રમમાં લોદરા અને આજુબાજુના ગામના ખેડૂત ભાઈઓ બહેનો મોટી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા હતા,આ અગાઉ કૃષિમંત્રી શ્રી એ લોદરા ખાતે કાંતીભાઈ ના એસ.એસ પટેલ ફાર્મની મુલાકાત લીધી હતી અને ફાર્મ ખાતે પ્રાકૃતિક કૃષિ સાથે કરેલ વાવેતર કમલમ, જામફળ, અંજીર અને આંબા જેવા નવીન બાગાયતી પાકોની જાણકારી મેળવી હતી,સાથે સાથે પિયત પાણી ની સગવડ અને વીજળીની ઉપલબ્ધિ અને કૃષિ સંબધિત જિલ્લાની કચેરીઓ તરફથી કોઈ મુશ્કેલીઓ છે કે કેમ ?તે અંગે પણ વિગતો મેળવી હતી,આ મુલાકાત બાદ લોદરા ખાતે આવેલ બાલા હનુમાન મંદિરની પણ મંત્રીશ્રીએ પણ જિલ્લાના પદાધિકારીઓ સાથે દર્શન કરી કરી આશીર્વચન મેળવ્યા હતા.

# અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના કેસરપુરા ગામના બાળકને મળ્યુ નવ જીવન



જીલ્લા માહિતી કચેરી, અરવલ્લી,

અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના કેસરપુરા ગામમાં રહેતા સુરજસિંહ પરમારને ત્યાં તા.૦૧/૦૧/૨૦૨૦ ના રોજ કુળદિપક રુપે બાબો (કેવલ)નો જન્મ થયો ત્યારે પરિવારમાં આનંદની લાગણી પ્રસરી પણ સમય વિતતા પરિવાર પર જાણે કે આફત આવી હોય તેમ જેમ બાળકની ઊંમર વધવાની સાથે જ ખબર પડી કે બાળકને સાંભળવામાં તકલીફ છે. આરોગ્ય વિભાગ અને ગુજરાત સરકાર દ્વારા ચાલતી શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત તેમની તકલિફ જાણીને R.B.S.K. ની ટીમ ઘરે પહોંચી અને સોશીયલ બીહેવીયર ચેન્જ કોમ્યુનીકેશન (SBCC) સ્કીલ થકી પરીવાર સાથે વાતચિત કરીને આ બાળક સાંભળી પણ શકશે અને સાથે સાથે બોલી પણ શકશે તેવી ખાતરી કરાવીને જીલ્લા કક્ષાની મંજુરી મેળવી સોલા સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે ધનસુરા R.B.S.K. ની ટીમે તા.૧૩/૦૫/૨૦૨૩ ના રોજ અંદાજીત ચાર થી પાંચ લાખના ખર્ચે થતું ઓપરેશન વિના મુલ્યે કરાવી, આમ, રાજય સરકાર તરફથી પુરી પાડવામાં આવતી ઉમદા અને ગુણવત્તા સભર સેવાઓનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શાળા આરોગ્ય- રાષ્ટ્રીય બાળ સુરક્ષા કાર્યક્રમ હેઠળ નિર્ધારીત પ્લાન મુજબ નવજાત શિશુથી ૫ વર્ષના આંગણવાડીના બાળકો, ધો.૧ થી ૧૨માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓ, ૧૮ વર્ષ સુધીના શાળાએ જતાં અને ન જતાં બાળકો, આશ્રમશાળા, મદ્રેસા, ચિલ્ડ્રન હોમના બાળકોને આર.બી.એસ.કે. મોબાઈલ હેલ્થ ટીમ દ્વારા નિયમિત રીતે તમામ બાળકોની આરોગ્ય ચકાસણી અને સંદર્ભ સેવા દ્વારા સારવાર પુરી પાડવામાં આવે છે.

# કેન્દ્રીય કૃષિ મંત્રી પરસોત્તમ રૂપાલા, સાધુ-સંતોએ ગૌ- ટેક એક્સ્પોને ખુલ્લો મુક્યો



રાજકોટ તા.૨૫

રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડમાં જી.સી.સી.આઈના સ્થાપક અને કેન્દ્રીય કામધેનુ આયોગના પૂર્વ ચેરમેન ડૉ. વલ્લભભાઈ કથીરીયા અને ગૌ ટેક ઓર્ગે.ના ચેરમેન હંસરાજભાઈ ગજેરા દ્વારા આયોજિત ગૌ ટેક ૨૦૨૩ એક્સપોનું બુધવારે સાંજે કેન્દ્રીય કૃષિ અને પશુપાલન ડેરી, મત્સ્ય ઉધોગ મંત્રી પુરુષોત્તમભાઈ રૂપાલા તેમજ સંતો મહંતોએ દીપ પ્રાગટ્ય કરીને ઉદ્ઘાટન કર્યું હતું. ડૉ. વલ્લભભાઈ કથીરિયા, હંસરાજભાઈ ગજેરા, કલ્પકભાઈ મણીયાર તથા રાજુભાઈ ધ્રુવ, ચેતન રામાણી, મિતલ ખેતાણી, સહિતના હોદ્દેદારો સહિતની ટીમને સંતો મહંતોએ શુભકામના પાઠવી હતી.

આ પ્રસંગે સ્વામી શ્રી પરમાત્માનંદજી, શ્રી માધવ પ્રિયદાસજી, શ્રી કૃષ્ણમણિદાસજી, શ્રી ધર્મવત્સલ સ્વામી, શ્રી માધવજીવન સ્વામી, સદાનંદજી મહાત્માજી સહિતના સંતો મહંતો તેમજ રાજયસભાના સાંસદ શ્રી રામભાઈ મોકરિયા, ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળા, કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ શ્રી વજુભાઈ વાળા, પૂર્વ મુ.મંત્રી વિજયભાઈ રૂપાણી, પૂર્વ કૃષિ મંત્રી શ્રી દિલીપભાઈ સંઘાણી, પૂર્વ કૃષિમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, પૂર્વ ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, બાવનજીભાઈ મેતલિયા, દૂર્લભજી દેથરિયા, મનસુખભાઈ ખાચારિયા, ગોરધનભાઈ ધામેલિયા, સુમુલ ડેરીના ચેરમેન, અમર ડેરીના ચેરમેન, ગુણુભાઈ ડેલાવાળા અને શાંતુભાઈ રૂપારેલિયા, પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ તેમજ સહકારી અને સામાજિક ક્ષેત્રના આગેવાનો સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. દીપ પ્રાગટય બાદ હંસરાજ ગજેરાએ સ્વાગત પ્રવચનમાં સૌનું શાબ્દિક સ્વાગત કરી આ એક્સ્પોને વિવિધ રીતે સહયોગ આપવા બદલ કેન્દ્ર અને રાજય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો અને તમામ સ્ટોલધારકોને અભિનંદન પાઠવ્યા હતા. આ ઉદઘાટન પ્રસંગે કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, મેં સમગ્ર એક્સપોની દોઢેક કલાક સુધી મુલાકાત લીધી છે અને એટલું બધું નવું જોયું અને જાણ્યું છે કે હું માત્ર રાજકોટ શહેર જ નહીં સૌરાષ્ટ્રના ગામડે ગામના તમામ પરિવારોને અપીલ કરું છું કે પરિવાર સાથે કમસેકમ એક વખત નિરાંતે સમય કાઢીને આ ગૌ ટેક એક્સપો જોવા જરૂર પધારે. શ્રી રૂપાલાએ પોતાના વક્તવ્યમાં વધુમાં જણાયું હતું કે અત્યાર સુધી ગાયના માત્ર દૂધ આધારિત નાના મોટા ઉદ્યોગો ચલણમાં હતા પણ આ ગૌ ટેક એક્સ્પો બાદ હવે ગોબર અને ગૌમુત્ર ઉત્પાદિત વ્યવસાયોમાં તેજી આવશે. તેમણે પોતાના ગામઠી અંદાજમાં જણાવ્યું હતું કે પોદળો પડે ત્યાંથી કંઈક લઈને જ ઉઠે છે તેવી કાઠીયાવાડી કહેવતને ખરા અર્થમાં સાર્થક કરતો આ મેળો આવનારા સમયમાં ગોબર અને ગૌમુત્ર આધારિત ઉદ્યોગોને પ્રોત્સાહન આપનાર બની રહેશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગાયને પાળવી તે સાહસ અને હિંમતનું કામ છે. દૂધની જેમ જ હવે ગોબરની ગોબર-ધન ઈકોનોમી આકાર લઈ રહી છે. તેમણે રાષ્ટ્રીય કક્ષાએ પોતાના પ્રવાસ દરમિયાન થયેલા અનેક અનુભવોને વર્ણવીને ગાય આધારિત ઉદ્યોગોનું ભવિષ્ય ખૂબ જ ઉજળું છે તેવું જણાવ્યું હતું. અંતમાં તેમણે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી તરફ જવું રાષ્ટ્રની નીતિ છે આ નિતીને ખેડૂતો તેમજ ગૌ આધારિત ઉદ્યમીઓનો સાથ સહકાર મળી રહેશે ત્યારે ગાયના કારણે જ ભારત વિશ્વ ગુરુ બની શકશે. કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ શ્રી વજુભાઈ વાળાએ સરકારી નીતિઓ ગૌવંશ અને ગૌ પાલકોના હિતમાં છે તેના વિવિધ દ્રષ્ટાંતો આપી યુવાનોને આકાર લઈ રહેલી ગૌ આધારિત ઉદ્યોગ ઈન્ડસ્ટ્રીઝમાં સહભાગી બનવા આહવાન કર્યું હતું. પૂર્વ મુ.મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે, રાજકોટમાં યોગ્ય સમયે યોગ્ય કાર્યક્રમ થઈ રહ્યો છે. તેમણે ડૉ. કથીરીયા સહિત સમગ્ર ટીમને અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી. શ્રી દિલીપભાઈ સંઘાણી ઉપસ્થિતોને સંબોધતા જણાવ્યું હતું કે, અત્યાર સુધી આપણે ગાયની પૂજા માત્ર કરતા હતા હવે સેવા કરવાની છે. જેનાથી જ સશકત ભારતનું નિર્માણ થશે. શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ પ્રસંગે ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, માનવ સમાજના તમામ રોગના ઉપચાર માટે દેશી ગાય શ્રેષ્ઠ છે. જે માનવ સભ્યતાને ઈશ્વરની ભેટ છે. તેઓએ જણાવ્યું હતું કે, ૨૦૦૮-૦૯માં આર.એસ.એસ. ની ગૌ ગ્રામ યાત્રા બાદ ગૌ જાગૃતિ આવી. આજે ગૌ આધારિત તમામ ચીજ વસ્તુઓનું ઉત્પાદન કરતા અને વેચાણ કરતા સ્ટોલ ધારકોને અભિનંદન.

ઉદ્ઘાટન સમારોહ દરમિયાન ડૉ.વલ્લભભાઈ કથીરિયા, વજુભાઈ વાળા, વિજયભાઈ રૂપાણી, દિલીપભાઈ સંઘાણી તેમજ માધવ પ્રિયદાસજી, પરમાણાનંદજી એ પ્રાસંગિક પ્રવચન કરી તમામે લોકોને કામધેનુ નગરી નિહાળવા આહવાન કર્યુ હતું. જ્યારે કલ્પકભાઈ મણીયારે આભારવિધિ કરી હતી. વિવિધ હોદ્દેદારો આગેવાનોનું ગૌ ટેક કમિટીના મેમ્બરોએ ફૂલહારથી સ્વાગત કર્યું હતું. કામધેનુ નગરીમાં રાત્રે ૯ પછી રાજકોટ સ્વામિનારાયણ ગુરુકુળનાની શાખા એવા ભાયાવદરના સંતોના માર્ગદર્શન હેઠળ.વિદ્યાર્થીઓ દ્વારા ગૌ આધારિત એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં છાત્રોએ વિવિધ કલાકૃતિઓ રજૂ કરીને ઉપસ્થિત આમંત્રિત મહેમાનો તેમજ ગૌ ટેકના મુલાકાતિઓનું મન મોહિ લીધું હતું. જેમાં ખેડૂતોનું જીવન અને તેની ભાવના, અઠિંગો રાસ, મણિયારો રાસ, રૂપક, સહિતની કૃતિઓ ઉપસ્થિતિઓએ વખાણી હતી લોક સાહિત્યકાર મનસુખભાઈ વસોયા ખીલોરીવાળાએ ગૌ ડાયરો રજૂ કર્યો હતો.


### હવે ખાનગી રીટ્રાઈવલ સેન્ટરમાંથી મળતા

# પાંચ કેડેવરમાંથી દર બીજા કેડેવરના તમામ અવયવોની ફાળવણી અંગેની પ્રાથમિકતા સરકારી હોસ્પિટલને અપાશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસથાને મળેલી કેબિનેટ બેઠકમાં થયેલ ચર્ચા અને અગત્યના નિર્ણય સંદર્ભે પ્રવક્તા મંત્રીશ્રી ઋષિકેશ પટેલ એ જણાવ્યું કે, ગુજરાત સરકાર દ્વારા અંગોના ટ્રાન્સપ્લાન્ટ માટે મહત્વનો જનહિતલક્ષી નિર્ણય કર્યો છે. ગુજરાત સરકારની G.DOT ગાઈડલાઈન મુજબ હવેથી અંગદાન થકી ખાનગી હોસ્પિટલમાં રીટ્રાઈવલ (શરીરમાંથી અંગો કાઢવાની પ્રક્રિયા) દરમિયાન પાંચ કેડેવરમાંથી મળતા અંગોમાંથી દર બીજા કેડેવરના તમામ અંગોની ફાળવણી અંગેની પ્રાથમિકતા સરકારી હોસ્પિટલમાં ટ્રાન્સપ્લાન્ટ માટે અપાશે.હાલની પ્રક્રિયા પ્રમાણે મેડીસીટી કેમ્પસ સિવાયની અન્ય સરકારી રીટ્રાઈવલ હોસ્પિટલોમાંથી અવયવો પ્રાપ્ત થતા ૧, ૩ અને ૫ ક્રમાંકના અવયવો સરકારી હોસ્પિટલોમાં ફાળવવામાં આવે છે . જ્યારે ૨ અને ૪ ક્રમાંકના અવયવો ખાનગી હોસ્પિટલોને ફાળવવામાં આવે છે.જેના પરિણામે અત્યારસુધીમાં ખાનગી રીટ્રાઈવલ હોસ્પિટલોમાંથી અંગદાન થતા તેની ફાળવણી જનરલપુલમાં દર્દીઓને થતી.જેમાં ખાનગી અને સરકારી હોસ્પિટલોના દર્દીઓનો સમાવેશ થતો હતો .આ સમગ્ર પ્રક્રિયામાં સુધારો કરીને હવેથી ખાનગી રીટ્રીવલ હોસ્પિટલોમાંથી અંગદાન થતા ૧,૩ અને ૫ ક્રમાંકના અવયવો ખાનગી હોસ્પિટલોને જ્યારે ૨ અને ૪ ક્રમાંકના તમામ અવયવોના ટ્રાન્સપ્લાન્ટ માટેની પ્રાથમિકતા સરકારી હોસ્પિટલોમાં દાખલ દર્દી માટે આપવામાં આવશે.જેના પરિણામે અંગોના પ્રત્યારોપણમાં સરકારી અને ખાનગી હોસ્પિટલમાં સમગ્ર પ્રક્રિયાને લઈને સંતુલન જળવાઈ રહેશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ. વધુમાં અંગોના પ્રત્યારોપણ માટે કેન્દ્ર સરકારની ગાઈડલાઈનને અનુસરીને રાજય સરકારના SOTTO એકમ દ્વારા મહત્વનો નિર્ણય હાથ ધરાયો છે. જેમાં અંગોના પ્રત્યારોપણ માટેના રજીસ્ટ્રેશન માટે હવેથી ડોમાસાઈલ સર્ટીફિકેટની જરૂર રહેશે નહીં. વધુમાં આ રજીસ્ટ્રેશન માટે કોઈપણ પ્રકારની ફી લેવામાં આવશે.અંગોના પ્રત્યારોપણ માટેના રજીસ્ટ્રેશનમાં હવેથી કોઈપણ ઉમરના વ્યક્તિ રજીસ્ટ્રેશન કરાવી શકશે.અંગદાન અને અંગોના ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે આ મહત્વના જનહિતલક્ષી નિર્ણયથી સમગ્ર પ્રક્રિયા ખૂબ જ સરળ, અસરકારક અને વધુ જન ઉપયોગી બની રહેશે તેમ પ્રવક્તા મંત્રીશ્રી ઋષિકેશ પટેલે ઉમેર્યુ હતુ.

# સેમિનારમાં ગૌ ઉછેર, પશુ આધારિત ખેતી અને દેશી ઓલાદના સંવર્ધન વિશે તજજ્ઞોનું માર્ગદર્શન

ગૌવંશ આધારિત ઉદ્યોગોની વિસ્તૃત જાણકારી આપતા ગૌ ટેક એક્સ્પો ૨૦૨૩નો બુધવારે સવારે ૯:૩૦ કલાકે પ્રારંભ થયો હતો. પાંચ દિવસીય આ ગૌ ટેક એક્સ્પોમાં સવારે અને બપોર પછીના સેશનમાં વિવિધ સેમિનારોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જે તે વિષયના નિષ્ણાંત વક્તાઓ ઉપસ્થિતોને ગૌપાલન, ગાય આધારિત ખેતી, ગોબર, ગૌમૂત્ર અને પંચગવ્ય આધારિત ઉત્પાદનો અને તેના નિર્માણ અને વેચાણ સંબંધી જાણકારી આપશે. આજે બુધવારે બપોર પહેલાના પહેલા સેશનની શરૂઆત ડો. રણવીરસિંહ (સિનિયર સાયન્ટિસ્ટ આઈ વી આર આઈ બરેલી)ના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી. ડૉ. પ્રકાશ કોરીંગા (કામધેનુ યુનિવર્સિટી આણંદ) દ્વારા વિવિધ વિષયોની વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે ત્રણ બાબતો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે, આપણા વિસ્તારની જે દેશી ગાયો છે તેના જીનોમ આઈડેન્ટીફાઈ કરીને તેના પર આગળ વધવું જોઈએ. એનડીઆરઆઈ કરનાલ હરિયાણા દ્વારા હાલમાં જ વિકસાવાયેલી નવી પદ્ધતિનો વ્યાપ વધારવો કે જેથી કરીને વાછરડી જ જન્મે અને વાછરડાને નિયંત્રિત કરી શકાય તે વિશે સરળ શબ્દોમાં માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત ફક્ત સરકારની યોજનાઓ પર જ આધાર રાખવાના બદલે પશુપાલક મિત્રો સ્વયં જાગૃત રહે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો મહત્તમ ઉપયોગ કરતા થાય; કે જેથી ગાયની ઉત્તમ અને વધુ દૂધ આપતી પ્રજાતિ તૈયાર કરી શકાય. સુમુલ ડેરી સુરત દ્વારા દિપકભાઈ પટેલની સફળ વીડિયો સ્ટોરીએ સૌ પશુપાલક મિત્રોને પ્રભાવિત કર્યા હતા. તેઓએ એઆઇ દ્વારા ૮૫ ટકા સફળતા મેળવી સિદ્ધિ હાંસલ કરી હતી તે અંગેની જાણકારીને સૌએ તાળીઓના ગળધરાટથી વધાવી અને તેનો અમલ કરવા માટે કૃતનિશ્ચઈ બન્યા હતા. આજના સેમિનારના પ્રથમ સેશનમાં ૧૦૦ કરતાં પણ વધુ પશુપાલક મિત્રો ઉપરાંત વૈજ્ઞાનિકો અધ્યાપકો માજી ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલ રાજકોટ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ ડૉ. ગિરીશ ભીમાણી ઉપસ્થિત રહ્યા હતા.



આજ રોજ બનાસકાંઠા જિલ્લાના વિરમપુર મુકામે અમીરગઢ તાલુકામાં સગભૉ માતા કેમ્પ તેમજ ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત સારી કામગીરી કરવા બદલ t h o dr રાજેશ . એમ સ્વામી નુ રાજયના આરોગ્ય મંત્રી રૂષીકેશ પટેલ ના હસ્તે સન્માન કરવામાં આવેલ સન્માન સમારોહ મા પાલનપુર ધારાસભ્ય અનિકેત ઠાકર. D h o પટેલ. જિલ્લા એકેડેમિક ઓફીસર જીગ્નેશ હરીયાણી. હાજર રહયા હતા

# વૃક્ષો ઘટતાં અસહ્ય ગરમી થી રક્ષણ મેળવવા કપીરાજો માનવ વસ્તીમાં



આવી સ્થિતિ દરેક અબોલ જીવ ની છે..? વધુ ને વધુ વૃક્ષો નો ઉછેર કરવા માટે શ્રવણ સુખધામ સંસ્થા ના આધસ્થાપક ની અપીલ. આજે માનવ પ્રકૃતિનું જતન કરવા બદલે નિકંદન કાઢી રહ્યો છે ત્યારે વન્ય અબોલ જીવ પોતાના જીવ ને બચાવવા સારું માનવ વસ્તીમાં પ્રવેશી રહ્યા છે આજે મનુષ્ય પોતાના ફાયદા માટે વૃક્ષો નદી નાળા તળાવો ને મોટા બનાવવાની જગ્યાએ ઘટાડી રહ્યો છે ત્યારે અસહ્ય ગરમી નો અનુભવ પણ માનવ જાતને થઈ રહ્યો છે પોતાની તરસ ભૂખ અને ઠંડક ની છાયા મેળવવા તડકા થી બચવા દરેક અબોલ જીવ આમ તેમ ભટકી રહ્યું છે ત્યારે વન્ય કપીરાજ તડકાથી બચવા માટે એક સરકારી મિલકતમાં સહારો મેળવી નિંદર માણી રહેલા નજરે પડે છે આ તસ્વીરો બપોર ના ૧૨ કલાક ની છે આના ઉપરથી હજુ બોધપાઠ મેળવી મનુષ્ય પોતાના તંદુરસ્ત જીવન જીવવા માટે વધુ ને વધુ વૃક્ષો વાવી તેની માવજત કરી ઉછેરવાની જરુર છે કેમકે વૃક્ષો મફતમાં ઓકિસજન હવા અને શીતળતા આપે છે પોતાની અંતિમ ક્રિયા માટે વપરાતું કાષ્ટ પણ વૃક્ષ થકી જ મેળવીએ છીએ તો પોતાના અંતિમ સંસ્કાર નાં કાષ્ટ માટે પણ મનુષ્ય ઓછામાં ઓછાં પાંચ વૃક્ષોનો ઉછેર કરવો જોઈએ...... વધુ શીતળતા આપતા વૃક્ષો એટલે લીમડો પીપળો વડ અને કળજી છે.....

રીપોર્ટ.. અહેવાલ.હિરેન પ્રજાપતિ.અરવલ્લી.સા.કા.

# હિલ સ્ટેશન લોનાવાલામાં વીર સેવક પશુ સુરક્ષા કેન્દ્રનું ઉદઘાટન થયું, અબોલ પશુઓને મળે છે વિશેષ સારવાર

છેલ્લા આઠ વર્ષોથી જીવદયા ક્ષેત્રે કાર્યરત વિશાલ સાખલાજી અને તેમની સમગ્ર ટીમે હિલ સ્ટેશન લોનાવાલામાં ઘાયલ અને બીમાર કુતરા, બિલાડી, ઘોડા વગેરે અબોલ જીવોની સારવાર કરવા માટે વીર સેવક પશુ સુરક્ષા કેન્દ્રની સ્થાપના કરી છે. કેન્દ્રનાં ઉદઘાટન સમારંભમાં ભારત સરકારનાં એનિમલ વેલ્ફેર બોર્ડનાં સદસ્ય અને સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહ, એમએસીસીએઆઈ, મુંબઈનાં પ્રેઝીડન્ટ લલિતજી ગાંધી, બીજેપી જૈન પ્રકોષ્ઠનાં રાજ્ય પ્રમુખ સંદીપજી ભંડેરીએ હાજરી આપી હતી. કાર્યક્રમમાં 'વીરસેવક એન્થમ' ગીતનુંલોન્ચ પણ કરવામાં આવ્યું હતું. વીર સેવક પશુ સુરક્ષા કેન્દ્રમાં સ્થળે ઘાયલ, બીમાર અબોલ પશુઓને વિશેષ સારવાર મળી રહે છે. આ પશુ રક્ષા કેન્દ્રનો એક દિવસનો ખર્ચ રૂપિયા ૫૦૦૦ થાય છે. જે કોઈને જીવદયાના આ અદભૂત કાર્યમાં જોડાવાની ઈચ્છા થાય તેને વિશાલ સાખલાજી(મો. ૮૯૯૯૧૩૨૧૦૩) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# ઉત્તરાખંડના ટિહરી જિલ્લામાં એન્ટિ કરપ્શન વર્કિંગ ગ્રુપની બીજી બેઠક શરૂ



ઋષિકેશ, G20ની એન્ટિ કરપ્શન વર્કિંગ ગ્રુપની બીજી બેઠક ગુરુવારે ઉત્તરાખંડના ટિહરી જિલ્લાના નરેન્દ્ર નગરમાં શરૂ થઈ. આ ત્રણ દિવસીય બેઠકમાં G20ના સભ્ય દેશો, ૧૦ આમંત્રિત દેશો અને ૯ આંતરરાષ્ટ્રીય સંગઠનોના ૯૦થી વધુ પ્રતિનિધિઓએ હિસ્સો લીધો. આ પહેલા દહેરાદૂનના જોલી ગ્રાન્ટ એરપોર્ટ પર વિદેશી મહેમાનોનું પારંપરિક સંગીત, પહાડી ટોપી અને માળા પહેરાવીને તથા તિલક લગાવીને સ્વાગત કરવામાં આવ્યું. પ્રતિનિધિઓએ બુધવારે સાંજે ઋષિકેશમાં ગંગા આરતીમાં સામેલ થઈને આધ્યાત્મિક શાંતિનો પણ અનુભવ કર્યો. કેન્દ્રીય રક્ષા રાજયમંત્રી અજય ભટ્ટે G20ની બીજી એન્ટિ કરપ્શન વર્કિંગ ગ્રુપની બેઠકનો શુભારંભ કર્યો.

પહેલા દિવસે એટલે કે ગુરૂવારે વેસ્ટિન હોટલમાં એન્ટિ કરપ્શન વર્કિંગ ગ્રુપની બીજી બેઠક આયોજિત કરવામાં આવી, જેમાં કરપ્શન ફ્રી વર્લ્ડ પર ચર્ચા કરવામાં આવી. પહેલા દિવસે 'ભ્રષ્ટાચાર વિરોધી રણનીતિઓ સાથે લૈંગિક સંવેદનશીલતાના તાલમેલ પર G20નો દ્રષ્ટિકોણ' ની શોધ પર એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં G20 દેશો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના ઉચ્ચ સ્તરીય મુખ્ય વક્તા તેમજ સરકારી નિષ્ણાંતોએ હિસ્સો લીધો. G20ના સહ-અધ્યક્ષ ઇટલીના જિયોવન્ની ટાર્ટાગ્લિયા પોલસિનીએ બેઠકના ઉદ્ઘાટન સત્રમાં સંબોધન કર્યું. જિયોવન્નીએ કહ્યું કે સિવિલ સોસાયટી અને ખાનગી ક્ષેત્ર સહિત તમામ હિતધારકોએ એકસાથે આવવું જોઈએ અને ભ્રષ્ટાચારને ખતમ કરવા માટે સાથે મળીને કામ કરવું જોઇએ. કેન્દ્રીય રક્ષા રાજયમંત્રી અજય ભટ્ટે કહ્યું કે દેવભૂમિ ઉત્તરાખંડમાં બીજી એન્ટિ કરપ્શન વર્કિંગ ગ્રુપની બેઠકનું આયોજન થવું એ સૌભાગ્યની વાત છે. તેમણે ભ્રષ્ટાચાર વિરુદ્ધની લડાઈમાં વૈશ્વિક સહયોગની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે ભ્રષ્ટાચાર વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય સહયોગને પ્રોત્સાહન આપવા માટે G20 ઈન્ડિયાના પ્રયાસોની પ્રશંસા કરી અને જાહેર ક્ષેત્રમાં પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ વધારવા માટે આહ્વાન કર્યું. આ ત્રણ દિવસોમાં G20ના વિદેશી પ્રતિનિધિઓ માટે ઉત્તરાખંડની સંસ્કૃતિ પ્રદર્શિત કરવા માટેની વ્યાપક વ્યવસ્થા કરવામાં આવી છે. ત્રણ દિવસીય બેઠક દરમિયાન સભ્ય દેશોના પ્રતિનિધિઓ પહાડોનું ગ્રામીણ પર્યાવરણ જોવાની સાથે-સાથે નરેન્દ્ર નગરના આદર્શ આવની ગામમાં પણ ફરશે. ઋષિકેશ નજીક ૧૪ કિમી દૂર સ્થિત આવની ગામમાં લગભગ રૂ.૧૦ કરોડના ખર્ચે વિકાસકાર્યો કરવામાં આવ્યા છે. આ ગામને ઉત્તરાખંડની પારંપરિક શૈલીમાં આદર્શ ગામ તરીકે વિકસિત કરવામાં આવ્યું છે. બેઠકના એક દિવસ પહેલા કેન્દ્રીય રાજયમંત્રી (સ્વતંત્ર પ્રભાર) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રાલય, રાજયમંત્રી, પ્રધાનમંત્રી કાર્યાલય તેમજ કર્મચારી અને જાહેર ફરિયાદ મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે કહ્યું કે ઋષિકેશમાં આયોજિત થનારી G20 બેઠક ભ્રષ્ટાચાર વિરુદ્ધ ઝીરો ટોલરન્સને સુનિશ્ચિત કરવા માટે આર્થિક અપરાધીઓ વિરુદ્ધ ભારતના સંકલ્પને દોહરાવશે. G20 દેશોના એન્ટિ કરપ્શન વર્કિંગ ગ્રુપની પહેલી બેઠક ગુરૂગ્રામમાં માર્ચ મહિનામાં આયોજિત થઇ હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.